**વિવિધ ગ્રામીણ સ્તરના સંગઠનો અને માહિતી ટ્રસ્ટ દ્વારા મહિલા સશક્તિકરણ, આરોગ્ય – સેનિટેશન, કુદરતી સંસાધન અને ખેતી વિકાસ તેમજ આજીવિકા સુધાર માટે અમદાવાદ, બોટાદ અને ભાવનગર જીલ્લાના ગામોમાં લોક વિકાસના સહિયારા પ્રયત્નો**

# વાર્ષિક અહેવાલ ૨૦૨૧-૨૨










Mahiti Trust
Committed for Equality & Development with Justice

**મુખ્ય કાર્યાલય:** ભીમતળાવ સામે, રાહતળાવ રોડ ધોલેરા જિલ્લો અમદાવાદ પીન: ૩૮૨ ૪૫૫
**લાયઝન કાર્યાલય:** જી-૨/૧ ઓમ શાંતિ નગર શ્રીનંદ નગર ૨ ની પાસે વેજલપુર અમદાવાદ ૩૮૦ ૦૫૧
ફોન: ૯૫૫૮૮૦૩૯૦૧ ; ૯૫૫૮૮૦૩૯૦૨; ઈમેલ: mahiti.india@gmail.com
Web: www.mahiti-gujarat.org

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાના નંબર |
|---|---|---|
| **વિભાગ ૧ :- સંસ્થાકીય પરિચય** | | ૩ |
| ૧ | વિઝન | ૩ |
| ૨ | મિશન | ૩ |
| ૩ | કાર્યક્ષેત્રો | ૪ |
| ૪ | સંસ્થાકીય મુલ્યો | ૫ |
| ૬ | સંસ્થાને લગતી અગત્યની વિગતો | ૬ |
| ૭ | ભૌગોલિક કાર્યક્ષેત્ર | ૭ |
| **વિભાગ ૨ :- કાર્ય પ્રવૃતિઓ અને દરમ્યાનગીરીઓ** | | ૮ |
| | **થીમ ૧ :- મહિલા સશક્તિકરણ અને લિંગભેદ સમાનતા** | ૮ |
| ૧ | લઘુ ધિરાણ દ્વારા મહિલા સશક્તિકરણ | ૮ |
| ૨ | સ્ત્રી અને જમીન માલિકી | ૧૨ |
| | **થીમ ૨:- કુદરતી સંસાધન વ્યવસ્થાપન** | ૧૫ |
| ૧ | જળ જીવન મિશન હેઠળ ગામની પાણી પુરવઠા યોજનામાં આઇઇસી અને ક્ષમતાવર્ધન | ૧૫ |
| ૨ | નેવાના વરસાદી પાણી સંગ્રહ કરવાના ભૂગર્ભ ટાંકા | ૧૭ |
| ૩ | ટકાઉ ખેતીને પ્રોત્સાહન અને વેગ | ૧૯ |
| ૪ | કપાસની સેન્દ્રીય ખેતી કરતા ખેડૂતોનું ક્ષમતાવર્ધન | ૨૦ |
| ૫ | ટકાઉ ખેતી અંગે ઝુંબેશ | ૨૨ |
| ૬ | ખેડૂત ઉત્પાદક સંગઠનો ની રચના અને ક્ષમતાવર્ધન | ૨૩ |
| | **થીમ ૩:- સામાજિક ન્યાય** | ૨૫ |
| | **થીમ ૪:- આરોગ્ય સેવા સંભાળ અને સ્વચ્છતા** | ૨૬ |
| ૧ | પ્રાથમિક આરોગ્ય, પ્રજનન અને બાલ સ્વાસ્થ્ય | ૨૬ |
| ૨ | સેનિટેશન અને હાઈઝીન પ્રોમોશન | ૨૮ |
| | **થીમ ૫:- કોમ્યુનીટી હેલ્પ ડેસ્ક સેન્ટર-સરકારશ્રીની વિવિધ યોજનાઓ સાથે વંચિત પરિવારોનું જોડાણ** | ૨૯ |
| | **થીમ ૬:- કુદરતી આફત : કોવીડ ૧૯ અને તૌકતે વાવાઝોડુ – રાહત અને કેમ્પસ મરામત** | ૩૧ |
| **વિભાગ ૩:- સંસ્થાકીય આંતરિક બાબતો** | | ૩૨ |
| ૧ | સંસ્થાની વ્યવસ્થાપક સમિતિની ભૂમિકા | ૩૩ |
| ૨ | વ્યવસ્થાપક સમિતિ | ૩૩ |
| ૩ | કર્મચારીગણનું વર્ગીકરણ | ૩૩ |
| ૪ | સંસ્થાકીય માળખું | 34 |
| ૫ | ટીમ – માહિતી | ૩૫ |
| ૬ | અન્ય બાબતો | ૩૫ |
| ૭ | અમારા સહયોગીઓ | ૩૬ |
| ૮ | નાણાકીય બાબતો | ૩૭ |
| ૯ | એફીલીએસન | ૩૮ |

# વિભાગ ૧ :- સંસ્થાકીય પરિચય

માહિતી ટ્રસ્ટ ભારત દેશના ગુજરાત રાજ્યના સૌથી પછાત ગણાતા વિસ્તારોમાંના એક વિસ્તાર "ભાલ પ્રદેશ"માં કામ કરતી પાયાના સ્તરની સક્રિય સ્વૈચ્છિક સંસ્થા છે. "ભાલ પ્રદેશ" મહદઅંશે દરિયા કાંઠાનો વિસ્તાર છે એટલે કે ખંભાતથી લઇને ભાવનગર સુધીના ખંભાતના અખાતની દરિયાઇ પટ્ટીનો આ વિસ્તાર છે. અત્યંત બિન ફળદ્રુપ એવી અહીની જમીનમાં લગભગ કશું જ ઉગતું નથી તેમ કહી શકાય, એ કારણે જ એને "ભાલ" એટલે કે "કપાળ" એવું નામ અપાયું છે. ૧૯૯૪માં "માહિતી સંસ્થા"ની એક બિન નફાકારક સંસ્થા તરીકે નોંધણી થઇ ત્યારથી આ સંસ્થા આ વિસ્તારના સામાજિક, આર્થિક અને રાજકીય રીતે શોષિત તેમજ લાભવંચિત સમુદાયો માટે કામ કરે છે. પ્રારંભથી જ માહિતી કુદરતી આફતોથી ગ્રસ્ત એવા વિસ્તારમાં મહિલાઓ અને જેન્ડર મુદ્દાઓને પ્રાધાન્ય આપીને કામ કરે છે.

પ્રારંભથી પાયાના સ્તરના કાર્યરત જૂથ માંથી સમય જતાં સંસ્થાએ ખુબ જ વિકાસ સાધ્યો છે. અત્યારે એ એક સ્થાનિક સ્તરની મજબુત સંસ્થા તરીકે ઉભરી આવી છે. માહિતી ટ્રસ્ટઆ વિસ્તારને સતાવતી કેટલીક ગંભીર સમસ્યાઓના ઉકેલ શોધવા માટે સતત પ્રયત્નશીલ છે. પીવાના પાણીની સમસ્યાના ઉકેલ રૂપે પ્લાસ્ટિક લાઈનીંગ તળાવો દ્વારા વરસાદી પાણીનો સંગ્રહ કરવો, નેવાના વરસાદી પાણીને ભૂગર્ભ ટાંકામાં સંગ્રહ કરવો, પ્રતિબદ્ધ આરોગ્ય સેવિકાઓ (જેવી કે ગ્રામ્ય મહિલા આરોગ્ય કાર્યકરો અને તાલીમબદ્ધ દાઈ બહેનો) દ્વારા અંતરિયાળ ગામોમાં પ્રજનન સ્વાસ્થ્ય, પ્રાથમિક આરોગ્ય સબંધી પ્રશ્નોને હલ કરવા, મહિલાઓને તેમનાં અધિકારો મેળવવા સશક્ત કરવા, લોકોને તેમનાં માનવ અધિકારો અંગે જાગૃત કરવા, ગરીબો માટે કુદરતી સંસાધનોના વિકાસ અને ખેતી સુધારણા અંગે વિકલ્પો શોધવા જેવા જુદા જુદા પ્રયત્નો અને પ્રક્રિયાઓ કરે છે. આ ઉપરાંત લોકો સ્વચ્છતા ના આગ્રહી થાય અને તેઓ તેમના ઘેર સેનિટેશન બનાવે તેવા પ્રયત્નો કરે છે. આ વિસ્તારના લોકો માને છે કે માહિતી ટ્રસ્ટતેમનાં માટે, તેમનાં દ્વારા સર્જાયેલી પોતાની સંસ્થા છે.

માહિતીની મુખ્ય કચેરી આજ વિસ્તારના **ધોલેરા** ગામ ખાતે છે. એક સમયે, હજી ગઈ સદી સુધી ધોલેરા એક ધમધમતું વ્યાપારી શહેર હતું. હવે તેમાંનું ઘણું બધું ધોવાઇ ચુક્યું છે. તેમ છતાં હજી પણ ત્યાનાં થોડા મુઠ્ઠીભર શક્તિશાળી જમીનદારો / શાહુકારોની પકડ આ વિસ્તારના ગરીબ અને વંચિત સમુદાયના લોકો પર છે. આ વિસ્તારની સમસ્યાઓની યાદી ખુબ મોટી છે અને એ સમસ્યાઓને સંબોધવા સંસ્થાએ લાંબાગાળાની વ્યૂહરચનાઓ ઘડી છે અને તે માટે તૈયાર થઇ રહી છે. સમસ્યાઓમાં જોઇએ તો અહીં છે ખારી – ભાંભરી જમીન, પીવાના પાણીની અછત, ભૂગર્ભ જળ તદન ખારા, સંસાધનોની કમી, આજીવિકાની નજીવી તકો, ખેત પેદાશોની ઓછી ઉપજ, શાહુકારો અને જમીનદારો દ્વારા ગરીબ અને વંચિત સમુદાયનું શોષણ તેમજ વારંવાર કુદરતી આફતો જેવી કે પુર, દુષ્કાળ વગેરે સમસ્યાઓ છે. સરકાર તરફથી જે પણ વિકાસના પ્રયત્નો થવા જોઈએ તે પ્રમાણમાં થયા નથી. છેલ્લાં દાયકામાં ભાલ પ્રદેશની સામાજિક, આર્થિક, રાજકીય દ્રશ્ય અને વાસ્તવિકતાઓ બદલાઈ છે, તેમજ શોષણ અને શોષણકર્તાઓના સ્વરૂપો બદલાયા છે.

## વિઝન

માહિતી ટ્રસ્ટ ગુજરાતમાં એક એવા સમાજની કલ્પના કરે છે "જે દમન વિહોણો હોય, ભેદભાવ રહિત હોય અને સમાજમાં પ્રવતમાન અન્યાયી માળખાના આધારે જે ભેદભાવો ઉભા થયા છે તેને ઓછા કરવા સાથે હાંસિયામાં ધકેલાઈ ગયેલા વંચિત સમુદાયનું જીવન ધોરણ સુધારી તેમને સ્વાવલંબી બનાવવા"

## મિશન

મહિલાઓને કેન્દ્રમાં રાખીને ભાલ વિસ્તારમાં શોષિત, હાંસિયામાં ધકેલાઇ ગયેલા વંચિત સમુદાયોને કુદરતી સંશાધન વ્યવસ્થાપન, આરોગ્ય સેવા, સ્વચ્છતા, સામાજિક ન્યાય, લઘુ ધિરાણ, મહિલા - યુવા સશક્તિકરણ, ખેતી વિકાસ અને બાળ સંરક્ષણ વગેરે મુદ્દાઓ અંગે સંગઠીત કરીને તેમને સામર્થ્ય પ્રાપ્તિ કરાવવી.

## કેન્દ્રવતી કાર્યક્ષેત્રો

માહિતીના મુખ્ય **૭ કાર્યક્ષેત્રો** છે: (૧) મહિલા સશક્તિકરણ અને લઘુ ધિરાણ, (૨) સામાજિક ન્યાય અને માનવ અધિકારો (૩) આરોગ્ય, સ્વચ્છતા, સેનિટેશન જાગૃતિ (૪) કુદરતી સંસાધનોનું વ્યવસ્થાપન (૫) બાળકોના અધિકારોનું સરક્ષણ (૬) યુવા વર્ગનું સશક્તિકરણ અને (૭) ખેતી વિકાસ અને સુધારણા. આ પ્રત્યેક મુદ્દાઓ માટે વિવિધ ગ્રામ્ય સ્તરના સંગઠનો ઉભા કરી તેમને આ પ્રશ્નો માટે કાર્ય કરવા તેમનું સશક્તિકરણ કરી વિવિધ પ્રવૃતિઓ અને પ્રક્રિયાઓ કરવામાં આવે છે.

## ઉદ્દેશો

- ❖ કુદરતી સંસાધનો વિકસાવવા અને એના પર વંચિત / હાંસિયાગ્રસ્ત સમુદાયોની પ્રાપ્યતા અને અંકુશને બહેતર બનાવવા
- ❖ વંચિત / હાંસિયાગ્રસ્ત સમુદાયો માટે આજીવિકાના વિકલ્પો મજબુત બનાવવા સ્થાનિક સંસાધનો વિકસાવવા
- ❖ નાગરિક સુવિધા - સેવાઓની સ્થિતિ સુધારવી અને તે પૂરી પાડવા મદદ કરવી
- ❖ આરોગ્ય સેવા, સ્વચ્છતા, સેનિટેશન – સુવિધાઓની સ્થિતિ સુધારવી અને તે પૂરી પાડવા મદદ કરવી
- ❖ સામાજિક અન્યાય સામે લડવા માટે અસરકારક સ્થાનિક પ્રભાવ ઉભો કરવા મહિલાઓ - યુવાનોનું નેતૃત્વ માટે સશક્તિકરણ કરવું.
- ❖ હાંસિયાગ્રસ્ત / વંચિત સમુદાયોના પ્રશ્નોને સંબોધવા ખાસ કરીને મહિલાઓને સક્રિય કરવી

## મહત્વના કાર્યક્ષેત્રો

### (૧) ગરીબ, ભેદભાવગ્રસ્ત અને હાંસિયાગ્રસ્ત સમુદાયોનું ખાસ કરીને મહિલાઓનું સામાજિક - આર્થિક સશક્તિકરણ

- ❖ મહિલા સશક્તિકરણના માધ્યમ તરીકે વિસ્તાર સ્તરે ઉભી કરેલી મહિલાઓની બચત ધિરાણ સહકારી મંડળીઓને મજબુત કરવી અને તેનો વ્યાપ વધારવો
- ❖ લોક સમુદાયોની આધારક્ષમ આજીવિકાઓ માટે સરકાર અને બીજા સંગઠનોને સાથે સક્રિય રીતે સંકલિત વિકાસના કાર્યક્રમોનું અમલ કરવામાં સહાયક બનવું
- ❖ નાવીન્યપૂર્ણ પ્રયોગો અને નિતિ વિષયક હિમાયતો દ્વારા પાણીની જરૂરિયાતના પ્રશ્નોને સંબોધવા
- ❖ સમુદાય આધારિત આરોગ્ય, સ્વચ્છતા અને સેનિટેશન કાર્યક્રમોને ટેકો આપવો અને વધુ મજબુત બનાવવા
- ❖ યુવા વર્ગનો વિકાસ થાય તે હેતુ સાથે તેમને માટે અવકાશો સર્જવા અને તેમનામાં વ્યવસાયલક્ષી કૌશલ્યો વિકસાવવા
- ❖ સમુદાય આધારિત આફત નિવારણ કાર્યક્રમો કરવા

### (૨) સામાજિક ન્યાયને લગતા કાર્યક્રમો

- ❖ ભેદભાવ, અત્યાચારો અને અન્યાયના બીજા સ્વરૂપોના પ્રશ્નને સંબોધવા સામાજિક સક્રિયતા માટે સ્વેચ્છિક કર્મશીલોની એક હારને વિકસાવવી, તેને સક્ષમ બનાવવી અને તેને ટેકો આપવો.
- ❖ કાનૂની સહાય અને સલાહ કેન્દ્ર દ્વારા ઉપરોક્ત પ્રશ્નોને હલ કરવા પ્રયત્ન કરવો

## સંસ્થાકીય મુલ્યો

- **સમાનતા:** ગરીબો, દલિતો અને મહિલાઓ તરફ વધારે કેન્દ્રિત બનીને ભેદભાવના બધા જ સ્વરૂપો પરત્વે સંવેદનશીલતા સાથે ક્ષમતાઓ કેળવવી, ભેદભાવો ઘટાડવાની પ્રતિબધ્ધતા

- **સહ્ભાગીતાપૂર્ણ પ્રક્રિયા:** લોકોની ક્ષમતાઓ અને તેમનાં સંસ્થાનોમાં વિશ્વાસ દાખવવો

- **પરંપરાગત ડહાપણ** પ્રયોજવા માટે લોકોને સ્વતંત્રતા આપવી

- **ઉતરદાયિત્વ:** જેમને માટે સંસાધનોને સક્રિય બનાવવામાં આવ્યા હોય તે દાતાઓ અને સમુદાયો પરત્વે ઉતરદાયી બનવું.

- **પારદર્શકતા:** બધા જ કાર્યક્રમોમાં પારદર્શકતા દાખવવી

- **સહકાર્યો:** નેટવર્કિંગ દ્વારા સહકાર્યોનો વિકાસ કરવો


- **ટીમ વર્ક:** ટીમમાં સમાનતા, નવીનીકરણ અને વૈવિધ્ય જાળવવા પ્રયત્ન કરવો

- **સક્ષમ નેતૃત્વ સર્જવું** અને આત્મનિર્ભર બનવામાં મદદરૂપ બનવું.



## સંસ્થાની અગત્યની વિગતો

| | |
|---|---|
| a. Name of the Organization | Mahiti |
| | |
| b. Registered Office | At & Post: Dholera, Opp. Bhim Talav, Nr. Khun village, Rahtalav Road, Taluka: Dhandhuka, District: Ahmedabad, Pin Code: 382 455 |
| | |
| c. Liaision Office | G-2/1, Om Shantinagar, Nr. Shrinandnagar – II, Tagore Road, Vejalpur, Ahmedabad Pin: 380 051, Gujarat |
| | |
| d. Telephone Number | Mobile: + 91 – 955880 3902; 955880 3901<br>Landline: + 91 – 79 – 2681 1003 |
| | |
| e. Email Address | mahiti.india@gmail.com; www.mahiti-gujarat.org |
| f. Web Address | g. www.mahiti-gujarat.org |
| | h. |
| Registration Details | |
| | |
| i. Trust Registration Number | Registered under Bombay Public Charitable Trust Act 1950, and registration number: F/4410/AHMEDABAD, Dated 09-08-1994 |
| | |
| j. Society Registration Number | Registered under Society Registration Act 1860 and registration number: F/4410/AHMEDABAD, Date: 09-08-1994 |
| | |
| k. Registration under 12 A (a) of the Income Tax Act 1961 | AAATM7204JE20167 |
| | |
| l. Income-Tax Exemption No. U/S 80-G | AAATM7204JF20215 |
| | |
| m. Income-Tax PAN | AAATM7204J |
| | |
| n. Foreign Contribution (Regulation) Act 1976 | Registration No.: 041910199 valid till 31.03.2027 |
| | |
| o. CSR Registration | Registration for undertaking CSR Activities<br>Regd. No. CSR00006565 dated 24.05.2021 |
| | |
| p. External Auditor | M/s Chandravadan A. Shah & Co.<br>Chartered Accountants, Ahmedabad |
| | |
| q. Board of Trustees | 1. Binoybhai Acharya, Trustee<br>2. Nafisaben Barot, Trustee<br>3. Deeptiben Purohit, Trustee<br>4. Rajivbhai Khandelwal, Trustee<br>5. Sachinbhai Oza, Trustee<br>6. Sumanbhai Rathod, Trustee<br>7. Devuben Pandya, Managing Trustee |




માહિતી સંસ્થાની સ્થાપના અને તેનું અસ્તિત્વ બંને ભાલ વિસ્તારની પ્રવર્તમાન કુદરતી, સામાજિક અને આર્થિક સંકુલતાનું સીધું પરિણામ છે. માહિતી ટ્રસ્ટ ગુજરાત રાજ્યના અમદાવાદ, બોટાદ અને ભાવનગર જિલ્લાના ૭ તાલુકાના કુલ ૧૮૦ ગામોમાં કાર્ય કરે છે. આ વર્ષ દરમ્યાન સંસ્થાએ તેનો કાર્ય વિસ્તાર વધારેલ છે. આ વર્ષ દરમ્યાન નાબાર્ડ સાથે ખેડૂત ઉત્પાદક સંગઠનની રચના અને સશક્તિકરણ કાર્યક્રમ હેઠળ રાણપુર તાલુકાના ગામોમાં કામ કરવાનું શરુ કરેલ છે. તદુપરાંત ગુજરાત સી.એસ.આર. ઓથોરીટી દ્વારા સહાયિત હેલ્પ ડેસ્ક સેન્ટર સાણંદ તાલુકાના ૪ ગામોમાં કામ કરવાનું શરુ કરેલ છે.

| STATE | DISTRICT | SR.NO | BLOCK / TALUKA | NO. OF VILLAGES |
|---|---|---|---|---|
| GUJARAT | AHMEDABAD | 1 | DHOLERA | ૩૨ |
| | | 2 | DHANDHUKA | ૩૪ |
| | | 3 | DHOLKA | ૧૬ |
| | BOTAD | 4 | BARWALA | ૨૭ |
| | | 5 | RANPUR | ૩૩ |
| | BHAVNAGAR | 6 | BHAVNAGAR | ૩૦ |
| | | 7 | VALLABHIPUR | ૦૮ |
| TOTAL | | | | ૧૮૦ |

# વિભાગ ૨:- કાર્યક્રમલક્ષી દરમ્યાનગીરીઓ

## Theme 1: - મહિલા સશક્તીકરણ અને લિંગભેદ સમાનતા

### ૧. લઘુ ધિરાણ દ્વારા મહિલા સશક્તિકરણ




સમષ્ટિ અર્થ શાસ્ત્રીય (અર્થ: મેક્રો ઇકોનોમિકસ) નિતિઓ નીચેના સ્તર પર જતી અસરો જેન્ડર અસમાનતાઓનો ઉકેલ આણવામાં નિષ્ફળ રહી છે. શિક્ષણ, આરોગ્ય, નોકરી જેવા વ્યક્તિ વિકાસ સાધતાં ક્ષેત્રોમાં હજી પણ સ્ત્રીઓએ જેન્ડર સંબધિત અવરોધોનો સામનો કરવો જ પડે છે. સ્ત્રીઓ સમાજનો એક નબળો વર્ગ રહી છે અને ગરીબીમાં ફસાયેલી વસ્તીમાં સ્ત્રીઓ સારી એવી સંખ્યામાં છે. અમે જોયું છે કે આર્થિક સશક્તિકરણ દ્વારા હાંસિયાગ્રસ્ત સ્ત્રીઓની ઘરમાં, કયારેક ઘરની બહાર પણ નિર્ણય પર પ્રભાવ પાડવા, નિર્ણય લેવાની શક્તિ અને આત્મવિશ્વાસ વધે છે. તેમને કુટુંબની અંદર પણ વધુ ઊંચું સ્થાન અને ભૂમિકા મળે છે. ગ્રામીણ ગરીબોનું શોષણ થતું અટકાવવા અને આર્થિક સ્વ-નિર્ભરતા મેળવવા માટેનો આત્મવિશ્વાસ ઉભો કરવા માટે લઘુ ધિરાણ દ્વારા મહિલાઓનું આર્થિક સશક્તિકરણ ખુબ જ જરૂરી છે. એમાય ખાસ કરીને સામાજિક માળખામાં લગભગ અદ્રશ્ય રહેતી એવી ગામડાઓની ગરીબ અને વંચિત મહિલાઓ માટે લઘુ ધિરાણ ખુબ જ જરૂરી છે.

માહિતી સંસ્થાએ શરૂઆતથી ભાલ વિસ્તારના વિકાસ માટે મહિલાઓના સંગઠનો ઉભા કરવા અને તેમની પાયાની જરૂરિયાતો પૂરી કરવા સહકાર અને સંગઠનનો અભિગમ અપનાવ્યો છે. શરૂઆત ૨ ગામના સ્થાનિક મહિલા બચત અને ધિરાણ મંડળોની રચના દ્વારા આંતરિક બચત અને ધિરાણ પ્રવૃતિથી શરૂઆત કરી અને ધીમે ધીમે આ સ્થાનિક બચત મંડળો માંથી વિસ્તારની ૨ મોટી મહિલા બચત અને ધિરાણ સહકારી મંડળીઓ ઉભી થયેલ છે. જેની ગુજરાત કોઓપરેટીવ એક્ટ હેઠળ નોંધણી કરવામાં આવી છે. આ મંડળીઓનો મુખ્ય ધ્યેય ભાલ વિસ્તારમાં શાહુકારો દ્વારા જે આર્થિક, સામાજિક અને માનસિક શોષણ થાય છે તેની સામે મહિલાઓ સશક્ત બને અને બચત ધિરાણ પ્રવૃત્તિ દ્વારા તેઓ શોષણના દુષ્ટ વર્તુળ માંથી બહાર આવે તે છે. બચત મંડળીઓ દ્વારા બહેનોને ઘણો લાભ થયો છે. બચત મંડળીઓ ઉભી થતા ગ્રામીણ ગરીબ મહિલાઓ ઘણાં અંશે શાહુકારોના દેવા માંથી બહાર આવી છે. હાલ માહિતી ટ્રસ્ટ લઘુ ધિરાણ પ્રવૃત્તિ હેઠળ **૧૦૩** ગામોમાં કાર્ય કરી રહી છે. જેમાં અમદાવાદ જીલ્લામાં **૭૧** અને ભાવનગર જીલ્લા માં કુલ **૩૨** નો સમાવેશ થાય છે. માહિતી સંસ્થાએ અમદાવાદ અને ભાવનગર જીલ્લાની મહિલા બચત ધિરાણ સહકારી મંડળીઓ અને સ્વ સહાય જૂથોના આગેવાનોને અવારનાર ઔપચારીક અને અનૌપચારીક રીતે તાલીમો આપીને, પ્રેરણા પ્રવાસો યોજીને તેમનું ક્ષમતાવર્ધન કર્યું છે.  અત્યાર સુધીમાં કૂલ **૫૪૬** મહિલા બચત ધિરાણ મંડળોની કૂલ **૧૧૩૩૭** મહિલા સભાસદો છે. જયારે કૂલ બચત રૂપિયા **૨.૦૧ કરોડ** અને કૂલ ધિરાણ **૧.૭૬ કરોડ** છે. જે મંડળીની નાણાકીય સ્થિતિ અને પંહોચ પ્રદર્શિત કરે છે.

માહિતી સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ એ છે કે આ મહિલા બચત ધિરાણ સહકારી મંડળીઓ આ વિસ્તારની મજબુત નાણાંકીય સંસ્થા બને જેથી કરીને અહીંના લોકો (ખાસ કરીને મહિલાઓ) શાહુકારોના શોષણ માંથી બચે અને તેમની સામાજિક - આર્થિક સ્થિતિ સુધરે. આ ઉદ્દેશ બર લાવવા માટે એ જરૂરી છે કે આ મંડળીઓના આગેવાનોની સહકારી મંડળીના સંચાલનના વિવિધ પાંસાઓ વિષેની આવડત વધે. અમદાવાદ અને ભાવનગર જીલ્લાની આ લોક વ્યસ્થાપિત મહિલા બચત ધિરાણ સહકારી મંડળીઓએ તેમનો ભૌગોલિક વ્યાપ અને નાણાકીય લક્ષ્ય સારા એવા પ્રમાણમાં હાંસલ કર્યા છે.

## મહિલા બચત ધિરાણ સહકારી મંડળીની પ્રગતિ દર્શાવતું પત્રક

| ક્રમ | વિગત | વર્ષ ૨૦૨૦-૨૧ | | વર્ષ ૨૦૨૧-૨૨ | | કુલ સરવાળો |
|---|---|---|---|---|---|---|
| | | અમદાવાદ | ભાવનગર | અમદાવાદ | ભાવનગર | |
| ૧ | ગામ | 70 | 32 | 71 | 32 | 103 |
| ૨ | મહિલા મંડળો | 311 | 193 | 351 | 195 | 546 |
| ૩ | સભાસદ | 7708 | 3490 | 7869 | 3468 | 11337 |
| ૪ | શેર ભંડોળ (રૂ. લાખ) | 6.07 | 6.26 | 6.07 | 6.22 | 12.29 |
| ૫ | બચત : શરૂઆતની બાકી (રૂ. લાખ) | 100.83 | 90.87 | 104.24 | 91.57 | 195.81 |
| > | વર્ષ દરમ્યાન બચતમાં વધારો (રૂ. લાખ) | 18.37 | 21.08 | 22.92 | 24.16 | 47.09 |
| > | વર્ષ દરમ્યાન બચત ઉપાડ (રૂ. લાખ) | 14.96 | 20.38 | 19.23 | 21.94 | 41.18 |
| > | બચત ની આખરી સિલક (રૂ. લાખ) | 104.24 | 91.57 | 107.93 | 93.79 | 201.72 |
| ૬ | ધિરાણ: શરૂઆતની બાકી (રૂ. લાખ) | 104.67 | 77.81 | 103.53 | 78.77 | 182.31 |
| > | વર્ષ દરમ્યાન આપેલ ધિરાણ (રૂ. લાખ) | 22.03 | 16.92 | 28.66 | 13.89 | 42.54 |
| > | વર્ષ દરમ્યાન પરત થયેલ ધિરાણ (રૂ. લાખ) | 23.17 | 15.96 | 29.31 | 18.60 | 47.91 |
| > | ધિરાણ: આખરી સિલક (રૂ. લાખ) | 103.53 | 78.77 | 102.88 | 74.06 | 176.94 |
| ૭ | લોનની સંખ્યા | 1088 | 715 | 803 | 676 | 1479 |
| ૮ | ફિક્ષ ડીપોઝીટ (રૂ. લાખ) | 6.76 | 4.85 | 7.83 | 6.90 | 14.73 |
| ૧૧ | વર્ષ દરમ્યાન કુલ આવક (રૂ. લાખ) | 7.67 | 5.69 | 8.42 | 5.60 | 14.02 |
| ૧૨ | વર્ષ દરમ્યાન કુલ ખર્ચ (રૂ. લાખ) | 7.36 | 7.59 | 7.55 | 6.91 | 14.46 |
| ૧૩ | નફો / ખોટ (રૂ. લાખ) | 0.31 | -1.89 | 0.87 | -1.31 | -0.441 |




કોવીડ ૨૦૧૯ ના મહામારીના કારણે વંચિત સમુદાય પર ખુબ માઢી અસર જોવા મળી છે. ઘણાં લોકોએ કોરોના મહામારીમાં તેમના કુટુંબના સભ્યો પણ ગુમાવ્યા છે ઉપરાંત શહેરોમાં વસતા ખાસ કરીને હીરા ઘસવાનું કામ કરતા કારીગરોને આ દરમ્યાન બેરોજગારીનો સામનો કરવો પડ્યો છે. ઘણાં બધા યુવાનોને ઘેર એમ જ બેસી રહેવાનો વારો આવ્યો હતો. આર્થિક રીતે પણ લોકો પાયમાલ થયાના કિસ્સાઓ સામે આવ્યા છે. જેની સીધી અસર મંડળીની કામગીરી પર પણ પડી છે. જેના કારણે ધિરાણ વસુલીનો પ્રશ્ન આવવાના કારણે ધિરાણ વ્યાજ આવક માં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. જેના કારણે આ વર્ષે ભાવનગર મંડળીમાં આવક કરતા જાવક વધુ રહેવા પામી છે. ગ્રાફ જોતા માલુમ પડે છે કે વર્ષ દરમ્યાન સૌથી વધારે ધિરાણનો ઉપયોગ ખેત પેદાશ ઈનપુટ અને આર્થિક ઉપાર્જનની પ્રવૃતિઓ માટે થયેલ છે. ત્યાર બાદ સામાજિક પ્રસંગો, આરોગ્યલક્ષી માંદગીમાં ઉપયોગ થયો છે. જેનું મુખ્ય કારણ કોવીડ ૧૯ની મહામારીના લીધે ધિરાણ ગયા વર્ષની સરખામણીમાં પ્રમાણમાં વધ્યું છે. માંહિતી સંસ્થા દ્વારા ઉભી કરવામાં આવેલી આ વિસ્તાર સ્તરની લોક આધારિત, લોક સંચાલિત અને લોક વ્યવસ્થાપિત મહિલા બેંકની રાજ્ય સ્તરે ખ્યાતી ઉભી થઇ છે. સંસ્થાનો લઘુ ધિરાણના અનુભવને ધ્યાને લઇ રાજ્યની જુદી જુદી સંસ્થાઓ અને જુદા જુદા વિસ્તારો માંથી મહિલાઓ જેઓ આ મુદ્દા પર કામ કરે છે તે શીખવા અને પ્રેરણા મેળવવા માટે બંને મંડળીઓની મુલાકાત લે છે.



**કેસ સ્ટડી : શ્રીમતી ચંપાબેન સુરેશભાઈ કાલીયા, મિગલપુર** ગામના વતની છે. તેઓ છેલ્લા ૬ વર્ષથી ભાલ મહિલા બચત અને ધિરાણ સહકારી મંડળી અમદાવાદમાં સભ્ય છે અને દર મહીને રૂપિયા ૧૦૦૦/- જેટલી બચત કરે છે. તેમનો મુખ્ય વ્યવસાય ખેતી છે અને પોતે જ ખેતી કામ કરે છે. તેમણે મંડળી દ્વારા આઈ-ખેડૂત પોર્ટલ પર ટ્રેક્ટર માટે અરજી કરી અને અરજીની મંજૂરી મળતા ખૂટતી રકમ માટે મંડળી માંથી રૂપિયા **૧,૦૦,૦૦૦/-** નું ધિરાણ મેળવ્યું અને ખેતી કરવા માટે ટ્રેક્ટર વસાવ્યું છે. આના કારણે પહેલા તેમને ટ્રેક્ટર ભાડા પર લાવવું પડતું હતું અને તેની પાછળ થનાર ખેતી ખર્ચ પણ ઘટશે. હાલમાં તેઓ ખેતીનું કામ કરી તેમનું ગુજરાન ચલાવે છે. તો કહે છે કે મંડળીના કારણે મને ખુબ રાહત થઇ છે. જો ધિરાણ મળ્યું ના હોત તો હું ટ્રેક્ટર ખરીદી શકત નહિ. આજે અમારે કોઈનું ટ્રેક્ટર ભાડા પર લાવવું પડતું નથી અને એક મિલકત પણ મારા નામે ઉભી થઇ છે. જેથી મારા પતિ પણ મને સારો સહકાર આપતા થયા છે.



**શ્રીમતી મંગુબેન હમીરભાઈ રાઠોડ** ભાવનગર તાલુકાના **નર્મદ** ગામના વતની છે. તેઓ ઘણાં સમયથી ભાલ મહિલા જાગૃતિ બચત અને ધિરાણ સહકારી મંડળી ભાવનગરમાં સભ્ય છે અને દર મહીને રૂપિયા ૫૦૦/- બચત કરે છે. તેઓ હાલમાં ભાવનગરમાં રહે છે. તેમની દીકરી સંગીતાબેનના ઘરે બાળકીનો જન્મ થયો, જન્મ થતાં જ મગજની આંચકી શરુ થઇ હતી, તેથી તેમને તાત્કાલિક નાણાની જરૂરિયાત ઉભી થઇ હતી. જન્મેલ દીકરીનો એમ.આર.આઇ રીપોર્ટ કરાવવા માટે તેમને તાત્કાલિક ધોરણે મંડળી માંથી **રૂપિયા ૨૦૦૦૦/-** નું ધિરાણ આપવામાં આવ્યું. જેના લીધે તેમની દીકરીની સારવાર થઇ શકી અને તે મૃત્યુના મુખ માંથી બચી શકી. આજે તેમની દીકરીની દીકરી એકદમ સ્વસ્થ છે. આ કપરા કપરા સમયમાં મહિલાઓ મંડળીમાં બચત કરી અને સંજોગોવશાત જો કપરી સ્થિતિનું નિર્માણ થાય તો તાત્કાલિક નાણા ઉપલબ્ધ થઇ શકે છે. હાલમાં મંગુબેન રાઠોડ કાલાતળાવ ખાતેની નિરમા કંપનીમાં મજુરી કામ કરી કુટુંબનું ગુજરાન ચલાવે છે. આમ ગ્રામિણ મહિલાઓ બચતનું મહત્વ સમજી છે અને જરૂરિયાત ના આધારે ધિરાણ મેળવી તેમના કામો કાઢે છે. તેઓ કહે છે કે જો મંડળી માંથી તાત્કાલિક ધિરાણ મળ્યું ન હોત તો કદાચ મારી દીકરીની દીકરી બચી શકી ના હોત તેથી મંડળીનો ખુબ આધાર માને છે.

## ભાલ મહિલા સંમેલન કમ વાર્ષિક સાધારણ સભા



આ વર્ષે બંને મહિલા બચત અને ધિરાણ સહકારી મંડળી લીમીટેડની સભાસદ બહેનોનું "ભાલ મહિલા સંમેલન કમ સાધારણ સભા" **જુન ૨૦૨૧**માં યોજવામાં આવી હતી. જેમાં બીજી સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ અને સરકારી અધિકારીઓને આમંત્રિત કરવામાં આવ્યા હતા. બને જિલ્લાઓમાં **૬૦૦** થી વધારે મહિલા સભાસદોએ આ સંમેલનમાં ભાગ લીધો હતો. સંમેલનમાં કૃષિ વિભાગના અધિકારીઓ, ધોલેરા તાલુકાના તાલુકા પ્રમુખશ્રી સુભાષભાઈ ગોહિલ, મામલતદારશ્રી એમ.કે. ભરવાડ અને સ્ત્રી જમીન માલિકી કાર્યકારી જૂથ ગુજરાતના કુ. કિંજલબેન મહેમાન તરીકે હાજર રહ્યા હતા. હાજર મહિલાઓને તેમણે સજીવ ખેતી શા માટે જરૂરી છે? તેમજ મહિલાઓના નામે જમીનનું મહત્વ સમજાવ્યું હતું. સંસ્થાના એકતાલક્ષી, વિકાસલક્ષી પ્રયાસોને બિરદાવ્યા હતા.



આ ઉપરાંત સંમેલન દરમ્યાન જે બહેનોએ સારી બચત કરી છે, ધિરાણ નિયમિત રીતે પરત કર્યું છે, ગ્રામ્ય કક્ષાએ નેતાગીરી લઇ ગ્રામ વિકાસ લોક વિકાસનું કામ કરે છે તેમને જુદા જુદા ઇનામો દ્વારા સન્માનિત કરી પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. જેથી કરીને બહેનો બચતનું મહત્વ સમજે, ધિરાણ લઈને ખરેખર સાચા હેતુ માટે જ વાપરે અને બહેનો સંગઠિત બનીને ભેગા મળીને કોઈ ધંધો કે રોજગાર કરી પોતાના કુટુંબને પગભર કરે તેવી ઉમદા ભાવનાથી બહેનોને ઇનામ વિતરણ કરવામાં આવ્યુ હતું જેથી કરીને બીજી સંગઠનની બહેનોને પણ પ્રેરણા મળી રહે.



ભાલ મહિલા જાગૃતિ બચત અને ધિરાણ સહકારી મંડળી લીમીટેડ ભાવનગરની સાધારણ સભા પણ જુન માસમાં જ આયોજિત કરવામાં આવી હતી. સંમેલન દરમ્યાન મહિલા સ્વાસ્થ્યને લક્ષમાં રાખીને **મેડીકલ હેલ્થ ચેક સારવાર કેમ્પ** પણ યોજવામાં આવ્યો હતો. ભાવનગરથી નિષ્ણાંત ડોક્ટરની ટીમને આમંત્રિત કરવામાં આવી હતી. કેમ્પમાં સાધારણ સભામાં ભાગ લેનાર બહેનોએ કેમ્પનો લાભ લીધો હતો. આ કેમ્પમાં **૮૬ મહિલાઓનું વિવિધ બીમારીનું નિદાન કરી વિના મુલ્યે સારવાર આપવામાં આવી હતી.** સાધારણ સભા વખતે જ મેડીકલ કેમ્પ આયોજન કરવાના આ પ્રયાસને સારો એવો પ્રતિસાદ સાંપડ્યો હતો અને આ પ્રયાસને તમામ સભાસદોએ બિરદાવ્યો હતો.

**સંસ્થાની લઘુ ધિરાણ પ્રવૃત્તિ દરમ્યાનગીરીના કારણે વિસ્તાર સ્તરે નીચે મુજબની અસરો જોવા મળી છે:**



ભાલ મહિલા બચત અને ધિરાણ સહકારી મંડળી એક ભાલ વિસ્તારની મજબુત મહિલા બેંક તરીકે ઉભરી આવી છે.

મંડળીમાં બહેનો પોતે વહીવટ કરતી હોવાથી નેતૃત્વ લેતી થઇ છે. પોતે સ્થાનિક હોવાથી પરિસ્થિતિથી વાકેફ થઇ સક્ષમ બની છે. મંડળીના માળખામાં કોઇપણ પ્રશ્ન આવે તો સહેલાઇ ઉકેલ મેળવી વિસ્તારની બહેનો સાથે કાર્ય કરતી થઇ છે.

મહિલાઓની બચત દ્વારા પોતાના નામે બચત સ્વરૂપે એક મિલકત ઉભી થઇ છે.

બચત દ્વારા બહેનો પોતે મંડળી માંથી સહેલાઇથી ધિરાણ મેળવી શકે છે. ધિરાણ મેળવી પોતાના કુટુંબને આર્થિક રીતે મદદરૂપ બને છે. જેના કારણે પોતાના કુટુંબ અને સમાજમાં પોતાનું માંન અને મોભો વધ્યો છે.

ગ્રામ્ય સ્તરે બહેનો શરૂઆતમાં રૂપિયા ૧૦ દર મહીને બચત કરતા હતા અને આજે બહેનો ૩૦૦ થી ૫૦૦ રૂપિયા દર મહીને બચત કરતી થઇ છે. વ્યક્તિગત બચતમાં વધારો થઇ રહ્યો છે.

મંડળીનો વહીવટ સાથે બહેનો ગ્રામ વિકાસ અને સામાજિક ન્યાયના મુદ્દાઓ પર પણ કામ કરતી થઇ છે.

મંડળીના કારોબારીની સભ્ય બહેનો ધિરાણ વસુલી માટે જાતે જ આયોજન કરી, બે બે ગામની જવાબદારી લઇ ધિરાણ વસુલાત માટે જતી થઇ છે. દર મહીને મંડળીની નાણાંકીય સ્થિતિ અને લોન મંજુરી વિષે જાતે નિર્ણયો લેતી થઇ છે.

આજે બંને મંડળીઓ પોતાનો ૧૦૦ ટકા વહીવટી ખર્ચ ઉપાડતી થઇ છે. મંડળીમાં સરકારી ઓડીટ દરમ્યાન કારોબારી સમિતિની બહેનો હાજર રહી ઓડીટર દ્વારા જે પણ ક્વેરી કાઢવામાં આવે તેના જવાબો કરતી થઇ છે

## ૨. સ્ત્રી અને જમીન માલિકી

આપણે સૌ ભારત દેશના નાગરીક છીએ. દેશના નાગરીક તરીકે દરેકને આપણું સંવિધાન હક્ક આપે છે. જેમ કે, સમાનતાનો હક્ક, વાણી સ્વતંત્રતાનો હક્ક, રોજગારી મેળવવાનો હક્ક. નાગરિક તરીકેનો હક્ક. સ્ત્રીઓને પણ દેશના નાગરિક તરીકે પણ હક્કો મળવા જોઇએ પરંતુ સ્ત્રીઓની વાત આવે ત્યારે પુરુષપ્રધાન સમાજની માનસિકતા સ્ત્રીઓને હક્ક આપવામાં આડે આવે છે. પુરુષપ્રધાન માનસિકતાના કારણે આપણા દેશમાં સંસદે ઘડેલા કાયદા નહી પણ પુરુષપ્રધાન સમાજે ઘડેલા કાયદા સ્ત્રીઓની બાબતમાં વધારે અમલીકરણમાં છે. આની સામે, સમય સમયે કાયદા દ્વારા નીતિ – નિયમો બનાવવામાં આવે છે અને તેના અમલીકરણ માટે સરકારી તંત્રને આદેશ આપવામાં આવે છે. ૧૯૮૦માં ભારત દેશે સ્ત્રીઓ સામે થતા તમામ ભેદભાવ દુર કરવા વચનબદ્ધતા સ્વીકારી છે અને આ માટે જે પ્રયાસો સરકાર તરફથી કરવામાં આવે છે તેની રજૂઆત દર ચાર વર્ષે કરવાની હોય છે. એ જ રીતે હિંદુ વારસાઇ ધારા ૧૯૫૬માં પતિની મિલ્કતમાં વારસદાર તરીકે પત્નીને પણ સમાન અધિકાર આપવામાં આવ્યો છે. આ કાયદામાં ૨૦૦૫માં સુધારો કરીને પિતાની મિલ્કતમાં પણ દિકરીને સમાન અધિકાર આપવામાં આવ્યો. આ અનુસાર ખેતીની જમીનમાં દિકરી અને પત્નીને કાનૂની અધીકાર છે, પરંતુ આપણા સમાજમાં જમીન એ માન, મોભો અને સત્તાનું સંસાધન ગણાય છે. પિતૃપ્રધાન સમાજમાં આ માન, મોભો અને સત્તા મહિલાઓને ન મળવી જોઈએ તે વિચારધારા કાનૂની જોગવાઈઓના અમલીકરણમાં બાધારૂપ બને છે.

ગ્રામ્ય સ્તરે સરકારના એક માત્ર માળખા - પંચાયતી રાજ વ્યવસ્થાને સજાગ કરવા માટે એક સઘન કાર્યક્રમ ગામમાં લઇ જવા માટે એક માર્ગદર્શિકા રજૂ કરવામાં આવી છે. જો આ કાર્યક્રમને ચળવળની રીતે ગામોમાં સઘન રીતે કરવામાં આવે તો ટૂંક સમયમાં તેનો હેતુ સિદ્ધિ તરફ જઈ શકાય છે. આ માટે **સ્ત્રી અને જમીન માલિકી કાર્યકારી જૂથ – ગુજરાત** અને માહિતી ટ્રસ્ટ ધોલેરાના સંયુક્ત ઉપક્રમે **ધોલેરા તાલુકાના ૧૦ ગામોમાં** સ્ત્રી અને જમીન માલિકી તેમજ ટકાઉ ખેતીને વેગ આપવા એક કાર્યક્રમ આ વર્ષે શરુ કરવામાં આવ્યો છે. કાર્યક્રમનાગામો છે.... ઝાંખી, રાજપુર, મીન્ગલપુર, મહાદેવપુરા, રાહતળાવ, ગાંધીપુરા, મુંડી, સાંધીડા, ભીમ તળાવ, અને હેબતપુર. કાર્યક્રમની શરૂઆતમાં સંસ્થાને પણ સ્ત્રી અને જમીન માલિકી સંદર્ભમાં ક્ષમતાવર્ધનની જરૂરિયાત હોઈ સંસ્થાના કર્મચારીગણને વિવિધ સ્તરે તાલીમો દ્વારા ક્ષમતાવર્ધન કરવામાં આવ્યું છે.



વર્ષ દરમ્યાન ધોલેરા તાલુકાના ૧૦ ગામોમાં જાગૃતિ શિબિરો, સાપસીડીની રમતો, સ્ત્રી જમીન માલિકીનું મહત્વ, જમીન રેકોર્ડ્સની સમજ, ઝુંબશો, લીગલ લીટરસી તાલીમો વગેરે યોજવામાં આવેલ છે. જમીન માલિકી સંદર્ભમાં મહિલાઓની સ્થિતિ વિષે ટૂંકમાં અભ્યાસ પણ કરવામાં આવેલ છે. તદુપરાંત વારસાઈ અને જમીનને લગતા રેકોર્ડ્સ જેમ કે નમૂનો ૭-૧૨, ૮અ, હક્ક પત્રક વિષેની સમજણ મહિલાઓમાં વધે તે માટે મહિલાઓ સાથે બેઠકો કરવામાં આવી છે. હયાતીમાં વારસાઇ થાય અને મહિલાઓનું નામ તેમની જમીનમાં ઉમેરાય તે માટે વિવિધ સ્તરે પ્રયાસો કરવામાં આવ્યા છે. **વર્ષ દરમ્યાન ૯૭ દીકરીઓ / પત્નીઓનો હયાતીમાં હક્ક દાખલ કરવામાં આવ્યો છે. જયારે ૧૮૩ વિધવા મહિલાઓની વારસાઈ દ્વારા વડીલોપાર્જિત જમીનમાં નામ દાખલ કરવામાં આવેલ છે.**




ઝુંબેશ દરમ્યાન માહિતી સંસ્થાનો પરિચય, સ્ત્રી અને જમીન માલિકી કાર્યકરી જૂથ – ગુજરાતનો પરિચય આપવામાં આવ્યો હતો અને ઝુંબેશના હેતુ વિષે વાત કરવામાં આવી હતી. ઝુંબેશમાં હયાતીમાં હક, વિધવા વારસાઈ, કૌટુંબીક વારસાઈ અને હક કમી વિષે માહિતી આપવામાં આવી હતી. જે મહિલાઓના હક કમી થયા છે તો તેના કારણો જાણવામાં આવ્યા હતા. જે મહિલાઓના તેમના પિતા / ભાઈની જમીનમાં નામ છે કે નહિ? તેના વિષે માહિતી મેળવવામાં આવી હતી. જે બહેનોએ હક જતો કર્યો છે તેમને થનાર નુકશાન વિષે માહિતી આપવામાં આવી હતી. વર્ષ દરમ્યાન તાલુકા કક્ષાએ **“સ્વ ભૂમિ કેન્દ્ર”** શરુ કરવામાં આવેલ છે. જ્યાં મહિલાઓ જમીનના લગતા પ્રશ્નોની રજૂઆત કરી શકે છે.

આ ઉપરાંત હક્ક દાખલ કરવો તેમજ વારસાઈ કેવી રીતે કરવી તેની પ્રક્રિયાની સમજણ જુદી જુદી બેઠકો દ્વારા આપવામાં આવી છે. આ ઉપરાંત ઝુંબેશ દરમ્યાન સરપંચ, મહિલા આગેવાન અને તલાટી કમ મંત્રી હાજર રહે તેવા પ્રયત્નો કરવામાં આવ્યા હતા. જેના ભાગરૂપે ૧૦ ગામો માંથી ૬ ગામોમાં સરપંચ / તલાટી હાજર રહ્યા હતા. આ જુથનો મુખ્ય હેતુ શું છે ? અને શા માટે સ્ત્રીઓની જમીન માલિકી વિષે વાત કરીએ છીએ તે સમજાવવામાં આવ્યું. ગ્રામ પંચાયતમાં કેટલી સમિતિઓ હોય છે અને કઈ સમિતિનું શું કાર્ય હોય છે? જેની વિગતવાર માહિતી આપવામાં આવી હતી. પંચાયતમાં કેટલા રજિસ્ટર રાખવામાં રાખવામાં આવે છે. ગ્રામ



પંચાયત કઈ કઈ સેવાઓ મળી શકે છે તેની જાણકારી આપવામાં આવી હતી. ઝુંબેશ દરમ્યાન હાજર મહિલાઓ સાથે જૂથ ચર્ચા કરવામાં આવી અને ચર્ચા દ્વારા ગામમાં ખાનગી માલિકીની જમીન વિષે માહિતી મેળવવામાં આવી. ગામમાં ફળિયા વાઈઝ ફરીને જે મહિલાઓ અને દીકરીઓને પરિવારની જમીનમાં હક્ક દાખલ કરવા માટે સંઘર્ષ કરતી મહિલાઓની યાદી મેળવવામાં આવી હતી. જે મહિલાઓ પોતાના પિયરની જમીનમાં હક્ક મેળવી લીધો છે અને તે  કાયમ રહ્યો છે કે કેમ? તે વિગતો મેળવવામાં આવી છે.

**સ્ત્રી અને જમીન માલિકી સંદર્ભમાં વર્ષ દરમ્યાનની દરમ્યાનગીરી**

| દરમ્યાનગીરીની વિગત | આવરી લીધેલ ગામોની સંખ્યા | ભાગ લેનાર મહિલાઓની સંખ્યા |
|---|---|---|
| ➢ જાગૃતિ બેઠકો | ૧૦ | ૧૮૧ |
| ➢ લીગલ લીટ્રેસી તાલીમ ભાગ ૧ | ૧૪ | ૨૧૯ |
| ➢ લીગલ લીટ્રેસી તાલીમ ભાગ ૨ | ૧૦ | ૩૫૧ |
| ➢ મહિલા જમીન માલિકી ઝુંબેશ | ૧૦ | ૩૨૫ |
| ➢ લીગલ લીટ્રેસી તાલીમ ભાગ ૩ | ૧૧ | ૩૯૬ |
| ➢ મહિલા જમીન માલિકી ઝુંબેશ તબ્બકો ૨ | ૧૦ | ૪૭૭ |
| ➢ સરપંચોની તાલીમ | ૩ તાલીમ | ૧૦ |
| ➢ તલાટીઓ સાથે બેઠક | ૪ બેઠક | ૧૦ |
| ➢ મહિલા સંગઠન તાલીમ | ૨ તાલીમ | ૩૩૬ |
| ➢ સરકારી અધિકારો સાથે મુલાકાત | ૧૪ મુલાકતો | ૨૦ અધિકારીઓ |
| ➢ ક્ષમતાવર્ધન તાલીમ | ૬ તાલીમ | ૧૮૦ |

**અસરો**

જાણવા મળ્યું કે ઘણા બહેનોના જમીન માંથી તેમનો હક કમી થઇ ગયા છે. બધા બહેનોએ જણાવ્યું હતું કે અમોએ રાજીખુશીથી અમારો હક જતો કરેલ છે અને અમારા ભાઈઓને હક આપી દીધેલ છે. હાલના સમયમાં આ વિસ્તારમાં ખાસ મૂડીરોકાણ પ્રદેશ જાહેર થવાથી જમીનના ભાવ આસમાને આંબી ગયા છે. આ પરિસ્થિતિના કારણે ભાઈઓએ દસ્તાવેજો કરવા માટે / વેચવા માટે બહેનોના નામ કમી કરાવી લીધા છે તેવું સામે આવ્યું હતું. ઝુંબેશના ફળસ્વરૂપે ઘણી બહેનો હયાતીમાં હક્ક દાખલ કરવા માટે સામેથી આવતી થઇ છે. ઝુંબેશ દરમ્યાન હાજર બહેનો એક બીજાના પરિચયમાં આવી અને પોતાના પ્રશ્નોની રજૂઆત કરતા થઇ છે. જમીન નમૂનો ૭-૧૨ અને ૮ અની સમજણ પહેલા ન હતી તેની સમજણ બહેનોમાં વિકસી છે. ઝુંબેશના કારણે ઘણી બહેનોને મહિલાના નામે મિલકત શા માટે જરૂરી છે તેની સમજણ વિકસી છે. ઝુંબેશ પછી ઘણી  બહેનો સ્વભૂમિ કેન્દ્રની મુલાકાત લેતી થઇ છે.

## Theme 2: - **કુદરતી સંસાધન વ્યવસ્થાપન**




ધોલેરા તાલુકાના ૨૨ ગામોને ગુજરાત સરકાર દ્વારા ખાસ મૂડી રોકાણ પ્રદેશ (એસ.આઈ.આર.) હેઠળ આવરી લેવામાં આવ્યા છે. આ ગામો દરિયાની ભરતીની અસર પામતાં વિસ્તારોના પરિઘમાં આવતા ગામો છે. આ પ્રદેશમાં આજીવિકાની પરિસ્થિતિ ઘણી વિપરીત છે. આમ છતાં લોકો ત્યાં રહે છે અને શક્ય હોય તેટલી જગ્યામાં ખેતી કરે છે. સમય જતાં આ વિસ્તારની જમીન ખારાશ ફેલાવાને લીધે બિનફળદ્રુપ બની ગઈ છે. ઓછી જમીન ધરાવતા કુટુંબોને રોજીરોટી કમાવા નજીકના શહેરોમાં સ્થળાંતર કરવું પડે છે.  ગરીબો માટે આજીવિકાના સંસાધનો મર્યાદીત હોય છે. સુકી જમીનમાં ખેતી કામ, માછીમારી અને પશુ ઉછેરની પ્રવૃતિઓ મર્યાદીત પ્રમાણમાં જ થઇ શકે છે. ખેતીની ઉત્પાદકતા ખુબ જ ઓછી છે. અતિવૃષ્ટિ અને અનાવૃષ્ટિને લીધે ખેતીમાં જોખમ વધ્યું છે. લોકોને નાછુટકે વરસમાં ૮ મહિના (ચોમાસાના ૪ મહિના સિવાયનો સમય) સ્થળાંતર કરવું પડે છે. સામાજિક સુરક્ષાના પગલા આ કુટુંબો સુધી ભાગ્યે જ પહોચતા હોય છે. હજી માંડ ૧૦ વર્ષના થાય ત્યાં બાળકોને હીરા ઘસવાના કામમાં જોતરી દેવામાં આવે છે. ભણવાનું પડતું મુકાવી દેવામાં આવે છે. મોટા ભાગની તળપદા કોળી અને દલિત સમુદાયની વસ્તી ગરીબીની રેખા નીચે જીવે છે. કુટુંબ દીઠ વાર્ષિક આવક રૂપિયા ૧૫૦૦૦ જ હોય છે. મોટેભાગે તેઓ ઉચ્ચ વર્ગના લોકોની જમીનમાં ખેતમજુરી કરતાં હોય છે. આ ઉંચ્ચ વર્ગના લોકોના હાથમાં સ્થાનિક પરિવહન, ભોજન ગૃહો (રેસ્ટોરાં), દુકાનો, ઘંટીઓ તેમની જ માલિકી હોય છે. સામુદાયિક કામો કરવાના કોન્ટ્રેક પણ તેમણે જ મળતાં હોય છે. આનાં પરિણામે કોળી અને દલિતો સમાજ પાસે કશો જ વિકલ્પ રહેતો નથી. કટોકટીના સમયે તેમણે ૧૨૦% જેટલું ભારે વ્યાજ આપીને શાહુકારો કે જમીનદારો પાસેથી કરજ લેવું પડે છે અને એ પાછું ન ભરાય ત્યારે તેમને પશુધન, જમીન અને ઘર ગુમાવવા પડે છે. કેટલીકવાર આ બધાના અંતે આ સમુદાયોની સ્ત્રીઓ સાથે શારીરીક સતામણી પણ થતી હોય છે.

### ૧. "જલ જીવન મિશન" કાર્યક્રમ હેઠળ ગામની પાણી પુરવઠા યોજનામાં IEC (આઈ.ઈ. સી) અને ક્ષમતાવર્ધન




ભારત સરકાર દ્વારા દેશના તમામ નાગરિકને આગામી પાંચ વર્ષમાં એટલે કે વર્ષ ૨૦૨૪ સુધીમાં ઘરે ઘરે શુધ્ધ જળ ઉપલબ્ધ થાય તે હેતુ સાથે પ્રધાન મંત્રીશ્રી દ્વારા ૭૩માં સ્વતંત્ર દિન નિમિતે **"જલ જીવન મિશન"** કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી છે. ભારત સરકારના જલ શક્તિ મંત્રાલય દ્વારા "જલ જીવન મિશન" કાર્યક્રમનું અમલીકરણ થઇ રહ્યું છે.  ગુજરાત રાજ્યના તમામ ઘરોમાં નળ કનેક્શન મારફત પેયજળ વ્યવસ્થા ઉભી કરવા પ્રયાસો હાથ ધરવામાં આવેલ છે. ગુજરાત રાજ્યમાં જલ જીવન મિશન (જેજેએમ)ના અમલીકરણ માટે WASMO નોડલ એજન્સી તરીકે કામગીરી કરે છે.




વાસ્મો દ્વારા રાજ્યમાં "જલ જીવન મિશન" કાર્યક્રમ હેઠળ ઘરે ઘરે નળ કનેક્શન મારફતે પેય જળ વ્યવસ્થા ઉભી થાય, નિયમિતપણે પાણી વિતરણ થાય, લોકો યોજનાનું સંચાલન કરે અને તેની જાળવણી કરે, ગ્રામ્ય કક્ષાએ પાણી ગુણવત્તા, વોટર ઓડીટ તેમજ વોટર એક્ટ બાબતે જાગૃતિ આવે તેમજ તાલીમ કાર્યક્રમો અને ક્ષમતાવર્ધનની કામગીરી થાય તે ઉદેશ સાથે સ્વૈચ્છિક સંસ્થાઓની ભાગીદારીથી કામગીરી હાથ ધરવા આયોજન કરવામાં આવેલ હતું. આમ જલ જીવન મિશન (જેજેએમ) હેઠળ સહયોગી સંસ્થા તરીકે માહિતી ટ્રસ્ટએ જે ગામોમાં **૧૦૦% નળ કનેક્શન છે એવા ૩૨ ગામોમાં** આઈ.ઈ.સી કામગીરી હાથ ધરી હતી. વર્ષ દરમ્યાન જળ જીવન મિશન હેઠળ ખાસ કરીને નીચે દર્શાવેલ પ્રવૃતિઓ કરવામાં આવી હતી.

**જળ જીવન મિશન હેઠળ આઈ.ઈ.સી / ક્ષમતાવર્ધન દરમ્યાનગીરી**

| ક્રમ | ક્ષમતાવર્ધન અંગે દરમ્યાનગીરી | સહભાગીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | પાણી વેરા ગણતરી અને મરામત નિભાવણી તાલીમ | ૩૮૪ |
| ૨ | ફિલ્ડ ટેસ્ટ કીટ તાલીમ (પાણી ચકાસણી તાલીમ) | ૨૫૬ |
| ૩ | વોટર એકાઉન્ટ / વોટર ઓડીટ જોગવાઈની સમજણ | ૩૮૪ |
| ૪ | ગુજરાત ડોમેસ્ટિક વોટર એક્ટ વિશેની સમજણ | ૩૦૪ |
| ૫ | ગ્રે વોટર વ્યવસ્થાપન અને વિલેજ એક્શન પ્લાન | ૨૨૪ |
| ૬ | ૧૫માં નાણાં પંચમાં પેયજળ બાબતે જોગવાઈથી વાકેફ કરવા | ૨૮૮ |
| ૭ | દૈનિક ધોરણે ક્લોરીનેશન થાય તે બાબતે બેઠકો | ૨૮૮ |
| ૮ | દરરોજ પાણી વિતરણ કરવાના ફાયદો વિષે બેઠકો | ૨૮૮ |
| ૯ | સ્કીલ્ડ મેન જેમ કે પંપ ઓપરેટર, ઇલેક્ટ્રિશયન વગેરે | ૪૨ |
| ૧૦ | શેરી નાટકો | ૧૨૮૦ |


Water And Sanitation
Management Organisation
Jal Jeevan Mission
માહિતી
REDMI NOTE 7 PRO
AI DUAL CAMERA














## ૨. નેવાના વરસાદી પાણી સંગ્રહ કરવાના ભૂગર્ભ ટાંકા




માહિતી ટ્રસ્ટ લાંબા સમયથી પીવાના પાણીની પ્રાપ્યતાની સ્થિતિ સુધારવા કાર્ય કરી રહી છે. ભાલ પ્રદેશની જમીન ખારી છે અને ભૂગર્ભ જળ પણ તદન ખારા છે. આ સ્થિતિમાં પીવાના પાણીનો એક માત્ર સ્ત્રોત ચોમાસાનો વરસાદનું સંગ્રાહેલું પાણી હોય છે. પાણી સંગ્રહ કરવાના ભૂગર્ભ ટાંકા જ ભાલ વિસ્તાર માટે પાણીની સમસ્યાના કાયમી ઉકેલ માટેનો એકમાત્ર સફળ વિકલ્પ છે. આ પરિસ્થિતિને લક્ષમાં રાખી સંસ્થા દ્વારા **ગુજરાત સી.એસ.આર. ઓથોરીટી અને ગુજરાત સ્ટેટ ફાયનાન્સીયલ સર્વિસ લીમીટેડ**ના આર્થિક સહયોગથી વર્ષ ૨૦૨૧માં **<u>સોઢી</u>** ગામમાં **<u>કૂલ ૨૯</u>** ગરીબ પરિવારોના ઘરે **વરસાદી પાણી સંગ્રહના ભૂગર્ભ ટાંકા** બનાવવામાં આવેલ છે. અત્યાર સુધીમાં માહિતી ટ્રસ્ટ દ્વારા દરિયા કાંઠાના ગામોમાં **<u>કુલ ૮૮૫૦</u>** જેટલા વરસાદી પાણી સંગ્રહ કરવાના ભૂગર્ભ ટાંકા બનાવવામાં આવેલ છે. જેના કારણે દર વર્ષે અંદાજે **<u>૮૮.૫૦ લાખ</u>** શુદ્ધ પીવાનું પાણી ઉપલબ્ધ થાય છે. **૮૮૫૦ કુટુંબો** પીવાના પાણી માટે સ્વાવલંબી બન્યા છે.






### ૩. ટકાઉ ખેતીને વેગ આપવો



એકવીસમી સદીમાં આપણા દેશમાં કૃષિ ક્ષેત્રે બે પરસ્પર વિરોધી પરિસ્થિતિ પેદા થઇ છે. એકબાજુ વધતી જતી વસ્તીની માંગને પૂરી કરવા ઉત્પાદન વધારવાની ખાસ જરૂર છે જયારે બીજીબાજુ ઉત્પાદન વધારવા માટે વપરાતા રસાયણોના વધુ પડતા ઉપયોગને કારણે જમીનની તંદુરસ્તી તથા ઉત્પાદનના અન્ય સ્ત્રોતોની ઉત્પાદન ક્ષમતા ઘટતી જાય છે. આવા સંજોગોમાં પ્રવર્તમાન પેઢીની માંગ પૂરી શકે અને સાથોસાથ ભાવી પેઢીને અપેક્ષાઓ સંતોષી શકે તે રીતે જમીન અને ઉત્પાદનના અન્ય સ્ત્રોતોની તંદુરસ્તી જળવાઇ રહે તેવી વૈકલ્પિક કૃષિજ્ઞાન વિકસવવાની તાતી જરૂર છે. હાલમાં વિશ્વભરમાં કૃષિ વૈજ્ઞાનિક, અર્થશાસ્ત્રના નિષ્ણાંતો અને સ્વૈચ્છિક સંસ્થાઓ ટકાઉ ખેતી પદ્ધતિઓની હિમાયત કરી રહી છે.

સજીવ ખેતી, સેન્દ્રીય ખેતી, ટકાઉ ખેતી, જીવંત ખેતી વગેરે જુદા જુદા નામોથી આપણે ઓળખીએ છીએ. જુદી જુદી સંસ્થાઓ તે ને અલગ રીતે પરિભાષિત કરે છે. આમ જોવા જઈએ તો ટકાઉ ખેતી એટલે એવી ખેતી જે ભવિષ્યની પેઢીની જરૂરિયાતોને સંતોષવા ક્ષમતામાં સમાધાન કર્યા સિવાય વર્તમાન પેઢીને તેની જરૂરિયાતોને સંતોષે. સાતત્યપૂર્ણ ખેતી વિકાસ એટલે ખેડાણલાયક જમીનો અને પાણીના પુરવઠાના વધુ કાર્યક્ષમ ઉપયોગની સાથે સુધારેલ કૃષિ તજજ્ઞતાનો સ્વીકાર અને તે દ્વારા વધુ ઉત્પાદન લેવાની પદ્ધતિ. આમ સમગ્ર રીતે જોતા કુદરતની સાથે રહી પ્રવર્તમાન પેઢીની જરૂરતો પૂરી કરવાની સાથે જળ, જમીન અને હવા જેવા પ્રાકૃતિક સ્ત્રોતોની દેખભાળ અને જાળવણી ઉપર ભાર મુકવામાં આવે છે. જેથી ઉત્પાદનના મૂળભૂત ઘટકો પ્રદુષિત ન થાય અને ભાવી પેઢીને આપણે સ્વચ્છ અને સુંદર વારસો આપી શકીએ. હાલમાં આ પ્રાકૃતિક વારસાના જતનની ખાસી જરૂરત છે.

ઉપરોક્ત લક્ષને ધ્યાનમાં રાખી સંસ્થા તેના ટકાઉ ખેતી કાર્યક્રમના ભાગ રૂપે **અરવિંદ લીમીટેડ, ક્રિશ્ના બાયોટેક અને સ્ત્રી અને જમીન માલિકી કાર્યકારી જૂથ ગુજરાત** સાથે સહયોગ સાધી ટકાઉ ખેતી માટે ખેડૂતોમાં જાગૃતિ ઉભી થાય તેવા પ્રયાસો વર્ષ દરમ્યાન હાથ ધરવામાં આવ્યા છે. જેની વધુ વિગત આ સાથે આપવામાં આવેલ છે.

## ૪. કપાસની સેન્દ્રીય ખેતી માટે ખેડૂતોનું સક્ષમતાવર્ધન કાર્યક્રમ (ઓર્ગેનિક કોટન ફાર્મિંગ ટ્રેઈનીંગ પ્રોગ્રામ)





કપાસએ આપણા દેશનો સૌથી મહત્વનો રેસાયુક્ત પાક છે. આ પાક સુકી જમીન માટે શ્રેષ્ઠ પાક છે અને કુદરતની અણધારી પરિસ્થિતિ અને ખરાબ ચોમાસા છતાં તે સુકી જમીનમાં વિકસ્યો છે. તેની હાઇબ્રીડ (શંકર) અને સુધારેલ જાતો વધારે પાક ઉત્પાદનનું વચન આપે છે. જો કે સાથે સાથે રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના મોટાપાયે વપરાશને કારણે ઘણાંબધા કપાસની ખેતી કરનારાઓના રોજગાર પર માઠી અસરો પડી રહી છે. આ ઉપરાંત પર્યાવરણ ઉપર પણ તેની પ્રતિકુળ અસરો જોવા મળી રહી છે. હાલમાં વપરાતી બી.ટી જાતોને લીધે જીવાંતોની જટિલતામાં ફેરફારો થયા છે. જમીનમાંથી પોષકતત્વો વધારે ખેંચાવાથી જમીનના મૂળ પોષકતત્વો પર વ્યાપક અસરો થઇ છે પરિણામે પર્યાવરણના પ્રશ્નએ ગંભીર સ્વરૂપ ધારણ કર્યું છે. આ બાબતને ધ્યાનમાં લેતા ભાલ વિસ્તારમાં પણ બીટી કપાસનું વાવેતર વધતું જાય છે, જમીન ખરાબ થતી જાય છે. આ મુદ્દાને કેન્દ્ર સ્થાને રાખી માહિતી સંસ્થાએ **અરવિંદ લીમીટેડ, ક્રિશ્ના બાયોટેક** સાથે સહયોગ સાધીને કપાસની સેન્દ્રીય ખેતી માટે ખેડૂતોનું સક્ષમતાવર્ધન કાર્યક્રમ અમલમાં મુક્યો છે.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ જમીનની ફળદ્રુપતાની પુન:સ્થાપના, ખેતી ખર્ચમાં ઘટાડો, દેશી કપાસના વાવેતરને પ્રોત્સાહન, રાસાયણિક ખાતરો અને રાસાયણિક દવાના ઉપયોગને બદલે જૈવિક ખાતરો તથા જૈવિક દવાઓના ઉપયોગને પ્રોત્સાહન આપી લોકોની આજીવિકા સુધારનો ઉદ્દેશ્ય છે.

આ કાર્યક્રમ ભાલ વિસ્તારના **ધોલેરા, ધંધુકા, બરવાળા અને રાણપુર** તાલુકાના **૩૬** ગામોમાં શરુ કરવામાં આવ્યો છે. જેમાં **૪૦૦૦** ખેડૂતોને સેન્દ્રીય દેશી કપાસની ખેતી કરવા માટે જોડવામાં આવ્યા છે. તેમને જુદીજુદી તાલીમો જેવી કે ***વાવણી પહેલાની પૂર્વ તૈયારી, જીવાંત અને રોગ નિયંત્રણ, મિત્ર કિટકોની સાચવણી, સિંચાઈના પાણીનું વ્યવસ્થાપન, પોષકતત્વોનું વ્યવસ્થાપન, વીણી વખતે ભેળસેળ ન થાય તે માટેની સાચવણી*** વગેરે બાબતો પર તાલીમ આપવામાં આવેલ છે. ૨૦૦૦ ખેડૂતો જેઓને વર્ષ ૨૦૧૫માં જોડ્યા હતા તેઓને એપેડા સંસ્થા દ્વારા ઓર્ગેનિક ખેડૂત તરીકે માન્યતા મળી છે. વર્ષ ૨૦૨૧ થી બીજા ૨૦૦૦ ખેડૂતોને ઓર્ગેનિક ખેતી હેઠળ જોડવામાં આવ્યા છે. આ ખેડૂતો સતત ત્રણ વર્ષની સાયકલ પૂર્ણ કરે અને National Program for Organic Products (NPOP)ની માર્ગદર્શિકા મુજબ ખેતી કરે તો તેમને ચોથા વર્ષે ઓર્ગેનિક ખેડૂત તરીકેનું સર્ટીફીકેશન મળશે. આ નવા જોડાયેલા ૨૦૦૦ ખેડૂતોનું પહેલું વર્ષ સફળતાપૂર્વક પસાર થયેલ છે. આ કાર્યક્રમ હેઠળ **એસ.જી.એસ સર્ટીફીકેશન બોડી** જે ભારત સરકાર માન્ય ઓર્ગેનિક સર્ટિફિકેશન એજન્સી છે. તેઓએ આ વર્ષે **૪૦૦૦** ખેડૂતોનું સર્વેલીયન્સ ઓડીટ પૂર્ણ કરેલ છે. વર્ષ દરમ્યાન ઓર્ગેનિક ખેતી કાર્યક્રમ હેઠળ મુખ્ય કરેલ દરમ્યાનગીરી આ પ્રમાણે છે:

| ટકાઉ ખેતી સંદર્ભમાં દરમ્યાનગીરી | ટારગેટ જૂથ/સંખ્યા |
|---|---|
| કાર્યક્રમ પરિચય બેઠકો | ૩૬ ગામના ૪૦૦૦ ખેડૂતો |
| કર્મચારીઓ તેમજ ખેડૂતોની ક્ષમતાવર્ધન તાલીમ | ૬૫૦ ખેડૂતો, ૧૦ કર્મચારી |
| ખેડૂતોને આઈ.ઈ.સી વિતરણ (ઓર્ગેનિક હેન્ડબુક, સેન્દ્રીય ખાતર બનાવવું, પંચગવ્ય, દશપરણી) | ૩૬ ગામો ; ૨૦૦૦ ખેડૂતો |
| ઇન્ટરનલ ઇન્સ્પેક્શન ફોર્મ ભરવાની કામગીરી | ૪૦૦૦ ખેડૂતો |
| ખેતરોના જી.પી.એસ રીડીંગ લેવું | ૨૦૦૦ ખેડૂતો |
| ફાર્મર્સ ફિલ્ડ બુક ભરવી | ૪૦૦૦ ખેડૂતો |
| ફાર્મ મેપ બનાવવા | ૪૦૦૦ ખેડૂતો |
| એસ.જી.એસ. નું ઓડીટ – સેન્દ્રીય કપાસની ખેતી માટે | ૪૦૦૦ ખેડૂતો |
| ટકાઉ ખેતી અંગે મહિલા ખેડૂતો સાથે બેઠકો | ૧૫ ગામ, ૧૩૩ મહિલા ખેડૂત |
| ટકાઉ ખેતી હેઠળ રવી સિઝનમાં બિયારણ નિદર્શન | ૧૦ મહિલા ખેડૂત |
| ટકાઉ ખેતી અંગે ફિલ્ડ ડે | ૧૦ ગામ ૪૬૩ મહિલા ખેડૂતો |
| ટકાઉ ખેતી અંગે ઝુંબેશ | ૫૯૫ ખેડૂતો |
| ટકાઉ ખેતી અંગે ખરીફ સીઝન બિયારણ નિદર્શન | ૧૦ ગામ |
| ખરીફ સીઝન નિદર્શન ફિલ્ડ ડે | ૧૦ ગામ ૬૮૨ ખેડૂતો |

**ખેડૂતોને સેન્દ્રીય કપાસની ખેતી માટે ખેડૂતોને જાગૃત કરવા જુદા જુદા નિદર્શનો કરવામાં આવ્યા છે જેની વિગત નીચે મુજબ છે.**

| નિદર્શન ની વિગત | સંખ્યા |
|---|---|
| કમ્પોસ્ટ ખાતર બનાવવું (Composting) | ૧૮ ગામ |
| અમૃત પાણી / જીવામૃત બનાવવું (Preparation of Amrut Paani / Jivamrut) | ૧૮ ગામ |
| જૈવિક દવા (Preperation of Bio-Pesticides) – DASH PARNI | ૧૮ ગામ |
| સી.પી.પી. (Cow Pet Pits) | ૧૦ ગામ |
| ફેરોમેન ટ્રેપ નિદર્શન | ૧૬૦ ખેડૂતો |
| વર્મીકમ્પોસ્ટ નિદર્શન | ૦૪ ખેડૂતો |



**નિદર્શન તાલીમ** વર્ષ દરમ્યાન ઓર્ગેનિક ખેતી સાથે જોડાયેલા ખેડૂતોને એકઠા કરી તાલીમ આપવામાં આવી છે. તેમને સજીવ ખેતીના ફાયદાઓ, જૈવિક ખાતર અને જૈવિક દવાઓ બનાવવા વિષે શીખવાડવામાં આવ્યું છે. આ નિદર્શન જોયા બાદ બીજા ખેડૂતો પણ તેમના ઘરે જાતે બનાવે અને તેનો ઉપયોગ કરતા થાય તે હેતુથી નિદર્શનો કરવામાં આવ્યા છે. નિદર્શન દરમ્યાન ખેડૂતો ખુબ ઉત્સાહી જોવા મળ્યા હતા અને જૈવિક પ્રેક્ટીસ કરવા સંમત પણ થયા હતા. આમ વર્ષ દરમ્યાન **૨૮૦**થી વધુ ખેડૂતો એ જાતે જૈવિક ખાતર અને જૈવિક દવાઓ બનાવવાનું તેમજ વપરાશ કરવાનું શરુ કર્યું છે.

## ૫. ટકાઉ ખેતી ઝુંબેશ

**સ્ત્રી અને જમીન માલિકી કાર્યકારી જૂથ** ગુજરાતના સહયોગથી ભાલ વિસ્તારમાં ખાસ કરીને મહિલા ખેડૂતોને ટકાઉ ખેતી વિષે જાણકારી વધે અને ટકાઉ ખેતી અપનાવતા થાય તે માટે તેમનું ક્ષમતાવર્ધન અને જાગૃતિ ઉભી કરવી ખાસ જરૂરી છે. આ સંદર્ભમાં ધોલેરા તાલુકાના **૧૦ ગામોમાં** ટકાઉ ખેતી વિષે જાગૃતિ ઉભી કરવા એક ઝુંબેશનું આયોજન માહિતી ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. આ ઝુંબેશ **મે ૨૦૨૧** મહિનામાં યોજવામાં આવી હતી. આ ઝુંબેશના ભાગરૂપે નીચે મુજબની પ્રક્રિયાઓ અને પ્રવૃતિઓ કરવામાં આવી હતી.



આયોજન મુજબ ઝુંબેશ કર્યા પહેલા ગામોમાં મુલાકાત કરવામાં આવી. ગામના સરપંચ અને આગેવાનોની મુલાકાત લેવામાં આવી અને ઝુંબેશ વિશે વાત કરવામાં આવી અને ગામમાં જે પણ જગ્યાએ ઝુંબેશ કરવાની હતી એના વિશે ગામના આગેવાનોને જાણ કરવામાં આવી. ઝુંબેશના ભાગરૂપે ચારચક્રી વાહન ભાડે રાખવામાં આવ્યું હતું અને તેને જુદા જુદા જાગૃતિ પોસ્ટર દ્વારા અને બેનર દ્વારા સણગારવામાં આવ્યું હતું. જેમાં માઈકની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી અને આખા ગામમાં માઇક દ્વારા ઝુંબેશની જાણ કરવામાં આવી. દરેક ગામોમા અને આખા ગામમાં જાહેરાત કરવામાં આવી અને બધાને એક જગ્યાએ જ્યાં ઝુંબેશ કરવાની હતી ત્યાં બોલાવવામાં આવ્યા.




ઝુંબેશ દરમ્યાન **કૂલ ૮૨૨ જેટલા મહિલા ખેડૂતો અને ભાઈઓ** હાજર રહ્યા હતા. સજીવ ખેતી વિશે વાત કરવામાં આવી. સ્ત્રી અને જમીન માલિકી કાર્યકારી જૂથ ગુજરાત શું છે? અને શું કામગીરી કરવામાં આવે છે એ વિશે વાત કરવામાં આવી. ટકાઉ ખેતી વિશે વાત કરવામાં આવી, રસાયણિક ખેતીથી થતા નુકશાન વિશે વાત કરવામાં આવી. પહેલાના સમયમાં થતી ખેતી વિશે વાત કરી જેમાં પાણી અને યુરીયા ખાતર વગેરેની અસરો વિષે વાત કરવામાં આવી. જયારે દેશી અને સુકી ખેતી થતી હતી ત્યારે જે બિયારણ આપણી પાસે હતા તે લાંબા સમય સુધી ટકી શકતા હતા જયારે હવે બજાર પર આધારિત થવું પડ્યું છે. ઝુંબેશની શરૂઆતમાં ગામના વડીલો સાથે વાત કરવામાં આવી કે પહેલાના સમયમાં તેઓ કેવી રીતે ખેતી કરતા હતા. તેઓની ખેતી પધ્ધતિ શું હતી? ગામના વડીલોને પૂછવામાં આવ્યું કે બિયારણ પસંદગીથી લઈને બીજ માવજત, વાવણી અને કાપણી પહેલાના સમયમાં કેવી રીતે કરતા હતા. આ ઉપરાંત સજીવ ખેતીના પેમ્પલેટ વિતરણ કરવામાં આવ્યા.

## ઝુંબેશ દરમ્યાન જુદી જુદી પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી જેમ કે



લાલ લીલી ડીશની રમત ચાર્ટ પેપર પર રમાડવામાં આવી જેનાથી લોકોને સજીવ ખેતી અને રાસાયણિક ખેતી વચ્ચેના અલગ અલગ ખર્ચનો તફાવત સમજાવવામાં આવ્યો. મહિલા ખેડૂત અને ભાઈઓનેએ સમજાય ગયું કે સજીવ ખેતી કરતા રાસાયણીક ખેતીમાં ખર્ચ વધારે થાય છે.

બિયારણ વિષે વાત કરવામાં આવી જેમાં દેશી બીજ અને સુધારેલા હાઇબ્રીડ બીજની ચર્ચા કરવામાં આવી દેશી વિષે વડીલો સાથે ચર્ચા કરવામાં આવી દેશી બીજ લાંબા સમય સુધી ચાલે છે, જયારે હાઇબ્રીડ બીજ એક જ વર્ષ જ સારું રહે છે,

જમીન વિષે ચર્ચા કરવામાં આવી. જમીન ચકાસણીની માટી કેવી રીતે લેવી, તેના અલગ અલગ ભાગ કરવા અને ખેતરના અલગ અલગ ભાગમાંથી માટી લેવી એ વિષે ચર્ચા કરવામાં આવી.

આઈ ખેડૂત પોર્ટલમાં મહિલા ખેડૂતને રજીસ્ટ્રેશન કરવા વિષે વાત કરવામાં આવી. અલગ અલગ યોજનાઓની માહિતી આપવામાં આવી પીએમ કિશાન સન્માન નિધિ યોજનાની વાત કરવામાં આવી.

પાકમાં આવતા અલગ અલગ જીવાતોના ફોટા બતાવવમાં આવ્યા અને તેમાંથી મિત્ર કીટકો ના પરિચય આપવામાં આવ્યા. કીટકોના નિયંત્રણ માટે અલગ અલગ ઉપાયોની જાણ કરવામાં આવી. ૧. **ફેરોમોન** ટ્રેપ, ૨. યેલો સ્ટિકી ટ્રેપ અને ૩. બ્લુ સ્ટિકી ટ્રેપ.

## ૬. ખેડૂત ઉત્પાદક સંગઠનની રચના અને ક્ષમતાવર્ધન



માહિતી ટ્રસ્ટએ વર્ષ ૨૦૧૭થી નાબાર્ડ સંસ્થાની સાથે મળીને ખેડૂત ઉત્પાદક સંગઠનની રચના અને સશક્તિકરણનું કાર્ય ઉપાડ્યું છે. વર્ષ ૨૦૧૭ થી વર્ષ ૨૦૨૦ સુધી કૂલ **૬ ખેડૂત ઉત્પાદક સંગઠન**ની રચના અને ક્ષમતાવર્ધન કરવામાં આવેલ છે. જયારે વર્ષ ૨૦૨૧માં સંસ્થાની સારી કામગીરીને ધ્યાને લઇ **બોટાદ જીલ્લાના રાણપુર તાલુકા** પણ ખેડૂત ઉત્પાદક સંગઠન રચના અને સશક્તિકરણ કામગીરીનું કાર્ય નાબાર્ડ સંસ્થા દ્વારા સોંપવામાં આવ્યું. જેના ભાગરૂપે વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન રાણપુર તાલુકાના ગામોમાં બીજી **૬ ફાર્મર્સ પ્રોડ્યુસર કંપની**નું ગઠન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ઘોઘા તાલુકાના **મોટા ખોખરા** ગામે અને ભાવનગર તાલુકાના **સોડવદ્રા** ગામે બીજી **૨ ફાર્મર્સ પ્રોડ્યુસર કંપની**ની નોંધણી કરવામાં આવેલ છે. વર્ષ દરમ્યાન ખેડૂત ઉત્પાદક સંગઠનની રચના અને સશક્તિકરણ કાર્યક્રમ સંદર્ભમાં કરવામાં આવેલી દરમ્યાનગીરી આ પ્રમાણે છે.



વર્ષ દરમ્યાન બંસીધર કૃષિ એવમ પશુપાલન પ્રોડ્યુસર કંપનીએ આ વર્ષે ઓર્ગેનિક ઘઉં, ચણા અને પશુદાણનો વેપાર કરેલ છે. વર્ષ ૨૦૨૧-૨૨ નું વાર્ષિક ટર્નઓવર રૂપિયા ૨.૫૫ લાખ થયેલ છે. જયારે ભાલ મહિલા એગ્રી પ્રોડ્યુસર કંપનીએ ઓક્ટોબર ૨૦૨૧માં નાબાર્ડ આયોજિત સહયોગ મેળામાં તેમનો એક્જેબીશન સ્ટોલ મુક્યો હતો અને જેમાં ચણાના દાળિયા, લોટ, કાચા ચણા અને ભાલીયા ઘઉંનો વેપાર કરેલ છે. ભાલ મહિલા એગ્રી-પ્રોડ્યુસર કંપનીનું વાર્ષિક ટર્નઓવર રૂપિયા ૧.૯૫ લાખ નોધાયેલ છે. વધુમાં રાણપુર તાલુકામાં બનાવવામાં આવેલ એફપીઓ માટે જુદા જુદા સ્તરે તાલીમો દ્વારા ક્ષમતાવર્ધન કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. વર્ષ દરમ્યાન **૧૨** જેટલી તાલીમો / બેઠકો યોજી ખેડૂત ઉત્પાદક સંગઠનોના **૭૦** થી વધારે **ડીરેક્ટરોને** તાલીમમાં આવરી લેવામાં આવ્યા છે.



રાણપુર તાલુકામાં ગઢન કરેલ એફપીઓના બોર્ડ ઓફ ડીરેક્ટર્સને **શંખેશ્વર** ખાતેની કોહેઝન ફાઉન્ડેશન દ્વારા ઉભી કરવામાં આવેલ એફપીઓ **"વઢિયાર ફાર્મર્સ પ્રોડ્યુસર કંપની લીમીટેડ"** નો પ્રેરણા પ્રવાસ યોજવામાં આવ્યો હતો. જેમાં **૩૬** વધારે ખેડૂતો / ડીરેક્ટર ને આવરી લેવામાં આવ્યા હતા. રાણપુર તાલુકાની **૬ એફપીઓના બિઝનેશ પ્લાન**ની પ્રક્રિયા કરી બિઝનેશ પ્લાન બનાવવામાં આવ્યા છે. હાલમાં આ તમામ એફપીઓ શેર હોલ્ડર્સ વધારવા ઉપરાંત બનાવેલ બીઝનેશ પ્લાન મુજબ કાર્ય કરવાનું આરંભ કરેલ છે.

**ખેડૂત ઉત્પાદક સંગઠન – શેર હોલ્ડર્સ અને શેર કેપિટલ**

| No | Name of Farmer Producer Organizations | District | Year of Incorporation | No. of Shareholders | Share Capital INR | Product Basket |
|---|---|---|---|---|---|---|
| 1 | Banseedhar Krushi Evam Pashupalan Producer Co. Ltd | Ahmedabad | 2017 | 741 | 4,59,750.00 | Cotton, Wheat and Chana |
| 2 | Bhal Mahila Agri-Producer Co. Ltd | Ahmedabad | 2017 | 334 | 3,34,000.00 | Cotton, Wheat and Chana |
| 3 | Radheshyam Krushi Evam Pashupalan Producer Co. Ltd | Ahmedabad | 2017 | 336 | 1,68,000.00 | Cotton |
| 4 | Shree Pipal Krushi Evam Pashupalan Producer Co. Ltd | Ahmedabad | 2017 | 352 | 1,76,000.00 | Cotton |
| 5 | Bheemnath Krushi Evam Pashupalan Producer Co. Ltd | Botad | 2018 | 367 | 1,83,500.00 | Cotton |
| 6 | Navda Agri-Producer Co. Ltd | Botad | 2018 | 332 | 1,66,000.00 | Cotton |
| 7 | Mota Khokhara Farmer Producer Co. Ltd | Bhavnagar | 2021 | 110 | 1,65,000.00 | Cotton and Bajari |
| 8 | Alampur Farmer Producer Co. Ltd | Botad | 2021 | 259 | 1,29,500.00 | Cotton, Wheat and Chana |
| 9 | Dharpipla Farmer Producer Co. Ltd | Botad | 2021 | 273 | 1,36,500.00 | Cotton, Wheat and Chana |

| No | Name of Farmer Producer Organizations | District | Year of Incorporation | No. of Shareholders | Share Capital INR | Product Basket |
|---|---|---|---|---|---|---|
| 10 | Jalila Farmer Producer Co. Ltd | Botad | 2021 | 279 | 1,39,500.00 | Cotton, Wheat and Chana |
| 11 | Nani Vavdi Farmer Producer Co. Ltd | Botad | 2021 | 223 | 1,11,500.00 | Chickpeas and Cotton |
| 12 | Sanganpur Farmer Producer Co. Ltd | Botad | 2021 | 305 | 1,52,500.00 | Cotton, Wheat and Chana |
| 13 | Sundariyana Farmer Producer Co. Ltd | Botad | 2021 | 339 | 1,69,500.00 | Cotton, Wheat and Chana |
| 14 | Gohilwad Fruits and Vegetable Producer Co. Ltd | Bhavnagar | 2022 | 105 | 1,05,000.00 | Fruits and Vegetables |
| TOTAL | | | | 4355 | 25,96,250.00 | |

## Theme 3: - **સામાજિક ન્યાય**



ભાલ પ્રદેશની વસ્તીમાં દરબાર, કણબી પટેલ, કોળી, દલિત દેવીપુજક, ભરવાડ સહિત અનેક જાતિઓનો સમાવેશ થાય છે. દરબાર અને કણબી પટેલને ઉચ્ચ જાતિ ગણવામાં આવે છે. તેઓ જમીનદારો અને શાહુકારો છે. ભાલ પ્રદેશની 80% વસ્તી તળપદા કોળીની અને 10% વસ્તી દલિત સમુદાયની છે. સરકારે તળપદા કોળીનો સમાવેશ અન્ય પછાત જાતિ વર્ગમાં કર્યો છે પરંતુ તેમના પર બહુ ઓછું ધ્યાન આપવામાં આવ્યું છે. સ્થાનિક જમીનદારો / શાહુકારોની પકડ અહીંના વંચિત સમુદાય પર વધુ જોવા મળે છે. દરિયાકાંઠાના કેટલાક ગામોમાં 90% વસ્તી કોળીની હોવા છતાં ઉચ્ચ જાતિઓ દ્વારા તે નિયંત્રિત છે. હકીકત એ છે કે ઉચ્ચ જાતિની વસ્તી માત્ર 10% હોવાછતાં તેમની પકડ ૯૦% અન્ય પછાત જાતિના લોકો પર છે. તેથી સ્વાભાવિક છે કે આવા સંજોગોમાં સ્ત્રીઓ અને બાળકો સ્થિતિ નબળી હોય. પ્રાકૃતિક સંસાધનોમાં પહેલેથી જ વંચિત એવા ભાલ પ્રદેશમાં જાતિવાદ, સામાજિક રિવાજો, દહેજ અને તમામ પિતૃસત્તાક સામાજિક મૂલ્યોનો ત્યાગ જેવી અનેક સામાજિક દૂષણોની મજબૂત પકડમાં છે. ભાલ પ્રદેશમાં સામાજિક, આર્થિક, રાજકીય અને પર્યાવરણીય વાસ્તવિકતાઓમાં થોડા ફેરફારો થયા છે. શોષણ અને નેતૃત્વના સ્વરૂપો બદલાઇ ગયા છે. આ સ્થિતિમાં માહિતી ટ્રસ્ટે નવા પડકારોનો સામનો કરવા માટે પોતાને તૈયાર કરી લીધી છે. આ પ્રદેશના લોકો એક પ્રકારના દબાણ હેઠળ જીવે છે. સ્થાનિક શક્તિ પ્રણાલી શક્તિશાળી વર્ગ દ્વારા નિયંત્રિત છે. તેમનો કુદરતી સંસાધનોના ઉપયોગ અને પછાત વર્ગો માટેની સરકારી યોજનાઓના અમલીકરણમાં પણ હસ્તક્ષેપ હોય છે પરિણામે ગરીબ લોકો લાભોથી વંચિત રહે છે. વેપાર અને બજાર વ્યવસ્થામાં પણ તેમની ભાગીદારી મર્યાદિત છે.

છેલ્લા ઘણાં વર્ષોથી માહિતી ટ્રસ્ટે સામાજિક અન્યાય મુદ્દાઓ જેવા કે મહિલાઓનું શોષણ, દારૂ, જુગાર, મહિલાઓ સામેની હિંસા, અત્યાચાર, જમીનનો ગેરકાયદેસર કબજો, ઘરેલું હિંસા જેવા મુદ્દાઓ પર સહાનુભૂતિપૂર્વક કામ કરવાનું શરૂ રાખ્યું છે. આ વિચારને આગળ ધપાવતા માહિતી ટ્રસ્ટે ભાલ સોશિયલ એક્ટિવિસ્ટ ગ્રુપ (B-SAG) ની સ્થાપના કરી છે. આનો ઉદ્દેશ્ય પ્રાદેશિક સ્તરે સામાજિક ન્યાય અભિયાન ચલાવવાનો, લોકોમાં માનવાધિકારની જાગરૂકતા કેળવવાનો, તેમને શોષણના વિવિધ સ્વરૂપો સમજવા અને તે દુષ્કૃત્યો સામે અવાજ ઉઠાવવાનો છે. આ જૂથમાં શોષિત સમુદાયોના લગભગ ૫૦ ભાઈઓ બહેનોનો સમાવેશ થાય છે, તેઓ ગ્રામ્ય સામાજિક ન્યાયની પ્રવૃતિઓ હાથ ધરે છે અને સમાજને સામાજીક દુષણોના દલદલમાંથી ઉગારવાના પ્રયાસો કરે છે. માહિતી ટ્રસ્ટ દ્વારા **"કૌટુંબિક કાનૂની સલાહ અને સહાય કેન્દ્ર"** ઘણાં વર્ષોથી શરુ રાખ્યું છે. જેના માટે સંસ્થાને કોઇ

જ નાણાકીય જોગવાઈ ન હોવા છતાં વિસ્તાર સ્તરના મહિલા સંગઠનના લીડરોના માધ્યમથી દરમ્યાનગીરી કરે છે. મહિલાઓની ઘરેલું હિંસા, અન્યાય, શોષણના કિસ્સામાં મદદ પૂરી પાડે છે તેમજ કાનૂની સમસ્યાઓના ઉકેલ માટે લોકોને કાનૂની સલાહ આપે છે. કાયદાકીય હસ્તક્ષેપ અથવા કાઉન્સેલિંગ પ્રદાન કરીને વર્ષ દરમિયાન આવા **<u>૩૨ થી વધારે</u>** <u>કેસોનું સંચાલન</u> કરવામાં આવ્યું છે. જેમાં સમાધાન અથવા કાનૂની માર્ગદર્શન અને મદદ પૂરું પાડેલ છે.

## Theme ૪: - **આરોગ્ય સેવા સંભાળ અને સ્વચ્છતા**

### ૧. પ્રાથમિક આરોગ્ય, પ્રજનન અને બાળ સ્વાસ્થ્ય



સરકારના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સમુદાયિક આરોગ્ય કેન્દ્રોની સુવિધાઓ અપૂરતી હોય છે. એટલું જ નહિ, અંતરિયાળ ગામોમાં તો એવી કશી જ સુવિધાઓ હોતી જ નથી. વળી સરકારી સુવિધાઓ અપૂરતી હોય છે, કારણ કે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની નર્સ બહેનો નિયમિત રીતે ગામની મુલાકાતે આવી શકતી નથી કારણકે તેમને ૧૦થી વધારે ગામો સોંપવામાં આવેલા હોય છે. તેથી તેઓ બધા જ ગામોમાં પહોંચી પણ શકતા નથી. માહિતી ટ્રસ્ટ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામુદાયિક આરોગ્ય કેન્દ્રો અને નર્સ બહેનો સાથે કાર્યક્ષમ જોડાણો રચવા હંમેશા પ્રયત્નશીલ રહી છે. જેથી કરીને સરકારી આરોગ્ય સેવાઓ વધારે કાર્યક્ષમ અને વિશ્વસનીય બને. આ પરિસ્થિતિને જોઇને જ માહિતી સંસ્થાએ ઘણાં વર્ષોથી વિવિધ પ્રકારનાં આરોગ્યલક્ષી અને સ્વચ્છતાલક્ષી કાર્યો શરુ કર્યા છે. સંસ્થાનો ઉદ્દેશ માત્ર એ નથી કે ગ્રામીણ વસ્તીને આંતર માળખાકીય સુવિધા પૂરી પાડવી બલ્કે એ છે કે લોકોમાં આરોગ્ય સંભાળ લેવા વિષે જાગૃતિ આવે. માહિતી ટ્રસ્ટ ઈચ્છે છે કે ભાલ વિસ્તારના એક એક ગામમાં આરોગ્ય સંભાળની સુવિધાઓ પ્રાપ્ય હોય અને ગામ લોકો તેમની આરોગ્ય સંબધિત સમસ્યાઓને ઉકેલવા માટે આત્મનિર્ભર બને. માહિતી ટ્રસ્ટસરકારની આરોગ્ય સંભાળ સુવિધાઓ, આરોગ્ય કાર્યકરો અને ગામની દાઈ બહેનો વચ્ચે સંકલન સાધવા સતત પ્રયત્ન કરતી રહી છે.

માહિતી ટ્રસ્ટ છેલ્લા ઘણાં વર્ષોથી ભાલ વિસ્તારની આરોગ્યની કથળેલી સ્થિતિને ધ્યાનમાં લઇ સર દોરાબજી તાતા ટ્રસ્ટ, મુંબઈ અને ગુજરાત સરકારશ્રીના આરોગ્ય વિભાગની મદદથી અત્યાર સુધીમાં કુલ ૭૨ ગામોમાં કાર્ય કરતાં કુલ **૧૦૫** ગ્રામીણ સ્તરના ગ્રામ્ય મહિલા આરોગ્ય કાર્યકરોને અને કુલ **૧૩૦** દાઈઓને તાલીમ આપીને તૈયાર કરેલ છે. સંસ્થા પાસે આરોગ્ય સેવા અને સંભાળ માટે કોઇ પ્રોજેક્ટ ન હોવા છતાં સંસ્થા દ્વારા તૈયાર કરવામાં આવેલ ગ્રામ્ય મહિલા આરોગ્ય કાર્યકરો અને દાઈ બહેનો ગામડામાં પ્રાથમિક આરોગ્ય સેવા સંભાળનું અને સલામત પ્રસુતિ કરાવવાનું કામ સાંભળી રહી છે. આ મહિલા આરોગ્ય કાર્યકરો અને દાઈ બહેનો ગામના લોકો અને પેટા આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સમુદાયિક આરોગ્ય કેન્દ્રોમાં કામ કરતાં આરોગ્ય કર્મચારીઓની સાથે સારું અનુસંધાન ગોઠવી શક્યા છે. સંસ્થાની સૌથી મોટી સિદ્ધિ એ રહી છે કે તાલીમ પામેલી દાઈ બહેનો અને તાલીમ પામેલા મહિલા આરોગ્ય કાર્યકરોની સક્રિય ભૂમિકાને પરિણામે આ વર્ષે એક પણ નિષ્ફળ પ્રસુતિનો કિસ્સો બન્યો નથી, એમાંથી ઘણી બધી દાઈ બહેનો અને આરોગ્ય કાર્યકરોને સરકારશ્રી દ્વારા અભ્યાસ ઓછો હોવા છતાં "આશા વર્કર" તરીકે નીમવામાં આવી છે. સરકાર દ્વારા ઉભી કરવામાં આવેલી ઈમરજન્સી મેડીકલ મોબાઈલ વાન (૧૦૮)નો મહતમ લાભ લોકો લે તે માટે પગલા લેવામાં આવ્યા છે. આ વર્ષ દરમ્યાન પ્રોજેક્ટ ટીમ સતત પ્રયત્નો કરતી રહી છે કે ગામડાઓની બહેનોને દાઈ બહેનો અને આરોગ્ય કાર્યકરો દ્વારા રસીકરણ, પ્રસુતિની સેવાઓનો લાભ મળે, "ચિરંજીવી" અને "જનની સુરક્ષા" જેવી સરકારી યોજનાઓનો લાભ મળે.

વધુમાં સંસ્થા તરફથી વ્હોલ સેલ કિંમતમાં પ્રાથમિક આરોગ્ય સંભાળ અને સારવારની દવાઓ લાવવામાં આવે છે અને તાલીમ પામેલ મહિલા આરોગ્ય કાર્યકર બહેનો તે દવા લઇ જાય છે અને ગ્રામ્ય સ્તરે દર્દીની સારવાર કરે છે. જેમાંથી તેઓ પોતાનો અંગત ખર્ચ કાઢી શકે તેટલી આવક ઉભી કરી શકે છે.

## મહિલા આરોગ્ય કાર્યકર સાથે સંકલન

વર્ષ દરમ્યાન મહિલા આરોગ્ય વર્કર બહેનો સાથે ત્રિમાસિક સંકલન બેઠકો યોજવામાં આવેલ છે. મહિલા અને બાળ આરોગ્ય વિષેની માહિતી, આરોગ્યના કામમાં લોકોને કેવી રીતે જોડવા, સગર્ભા અવસ્થા દરમ્યાન અને પ્રસુતિ બાદની કેવી કાળજી રાખવી, રસીકરણ વિશેની માહિતી, હેલ્થ કાર્ડ કેવી રીતે ભરવું, ટી.બીના રોગની લગતી માહિતી, એનીમિયા, કિશોરીઓને કેવી રીતે સાંકળવી, તેમને તાલીમ કેવી રીતે આપવી, સરકારી આરોગ્ય વિભાગ સાથે સંકલન કેવી રીતે કરવું. ઉપરાંત સરકારી આરોગ્ય વિભાગની જુદી જુદી યોજનાઓની માહિતી વગેરે મુદ્દાઓને ઊંડાણપૂર્વક આવરી લેવામાં આવ્યા હતા. આ બેઠકોમાં મહિલાઓમાં કોપર-ટી મુકાવવા બાબતે અને પુરુષમાં પુરૂષ નસબંધીનું ઓપરેશન કરવવામાં ગેરમાન્યતા પ્રવર્તે છે. જેને લીધે તેની સંખ્યા ઓછી જોવા મળે છે. જયારે સ્ત્રી નસબંધી કરાવનારની સંખ્યા વધી રહી છે, સાથો સાથ ભાલ વિસ્તારના અંતરિયાળ ગામોમાં પણ હવે લોકો સંસ્થાકીય સુવાવડ કરાવવા માટે તૈયાર થતા જોવા મળે છે અને સંસ્થાકીય સુવાવડનું પ્રમાણ વધ્યું છે. આ મહિલા આરોગ્ય કાર્યકર બહેનો તેમના ગામોમાં નીચે મુજબની ભૂમિકા ભજવે છે.

- પોતાના ગામમાં દર મહિને ઉજવવામાં આવતા મમતા દિવસે હાજર રહીને નર્સ બેનને સહયોગ આપીને સગર્ભા મહિલાઓ અને ધાત્રી માતાઓ તેમજ ૦ થી ૩ વર્ષના બાળકોને આરોગ્યની સેવાઓ લેવા માટે તેમના ઘેર જઈને બોલાવી લાવવામાં આવે છે.
- સરકારશ્રીની જુદી-જુદી યોજનાના લાભો મેળવવા માટે ફોર્મ ભરાવી આપવામાં મદદ કરવામાં આવે છે.
- ખાસ કરીને મહિલાઓના બેન્કમાં ખાતા ખોલાવી આપવા માટે મદદ કરવામાં આવે છે.
- ફળિયા મુજબ જઈને સગર્ભા અને તેમના કુટુંબના સભ્યોને સંસ્થાકીય સુવાવડ, રસીકરણ તેમજ ફેમીલી પ્લાનીંગ બાબતે સમજ આપવામાં આવે છે.


### વર્ષ દરમ્યાન મહિલા લીંક વર્કરો, મહિલા આરોગ્ય કાર્યકરો અને દાઈ બહેનો દ્વારા કરવામાં આવેલી કામગીરી

| Activities carried out during the year | No. of Persons / Cases |
|---|---|
| TBAs & WHWs helped in No. of Chiranjivi Yojna benefits | ૧૯૮ |
| TBAs & WHWs helped in No. of Janani Suraksha benefits | |
| TBAs & WHWs facilitated in No. Persons for Vaccination | ૨૫૫૨ |
| TBAs & WHWs facilitated in No. of Family Planning Operations | ૬૨ |
| TBAs & WHWs did No. of Safe Institutional Deliveries | ૧૪૨ |
| TBAs & WHWs did No. of Safe Deliveries at Home | ૧૦૬ |
| TBAs and WHWs did No. of Patients treated for TB | ૪૮ |
| TBAs and WHWs did No. of Patients treated for Iron Tablets | ૩૨૦૦ |

આ કાર્યક્રમને લીધે મહિલાઓ પહેલા પુરુષ ડોક્ટરને જાતીય રોગની વાત કરતાં ખચકાતી હતી તેમાં ફેર આવ્યો છે. મહિલાઓમાં કુટુંબ નિયોજન માટે જાગૃતિ ઉભી થઇ છે અને અપનાવતી થઇ છે. સરકારી યોજનાઓના લાભ અંગે લોકોમાં જાગૃતિ આવી છે. સગર્ભા અવસ્થા દરમ્યાન અને પ્રસુતિ પછીની કાળજી લેતી બહેનો થઇ છે. સંસ્થાકીય સુવાવડનું પ્રમાણ વધ્યું છે. ૧૦૮ની સેવાનો ઉપયોગ વધ્યો છે. કિશોરીઓ પોતાના શરીર વિષે સભાન બની છે અને પોષક આહારનું મહત્વ સમજી છે તેમજ તેમની અંગત સ્વચ્છતામાં ફેર આવ્યો છે.

## ૨. સેનિટેશન અને હાઈઝીન પ્રોમોશન

માહિતી સંસ્થાના પ્રોજેક્ટના વિસ્તારમાં બહુ લોકોનાં ઘરોમાં સેનીટેશનની વ્યવવસ્થા છે જ નહિ તેનું કારણ એ છે કે ઘણીવાર કોઈ માંગણી નથી હોતી અથવા અજ્ઞાનતા અને માહિતીનો અભાવ હોય છે, ભૂતકાળનાં ખોટા અનુભવો, બિન જરૂરી નોકરશાહી અથવા નિયમનોને કારણે માંગમાં મર્યાદા આવી જાય છે. જો કે પાણી અને વીજળીની માંગ બાબતે આમ નથી બનતું. સ્વચ્છતા વ્યવસ્થા અંગેના કાર્યક્રમો માંગ સંચાલિત રહ્યા છે. ઉપયોગકર્તાની સાથે વાતચીત કરીને તેમની જરૂરિયાતો શું છે તે વિષે કશું નોંધપાત્ર કામ થતું નથી. માહિતી સંસ્થાના અનુભવે પુરવાર કર્યું છે કે સ્વચ્છતા વ્યવસ્થાને પ્રોત્સાહન આપવાની એક રીતે એ છે કે સામાજિક માર્કેટિંગની રીત પ્રયોજવી. સ્વચ્છતા વ્યવસ્થા અંગેના સામાજિક માર્કેટીંગમાં માંગ ઉભી કરવી અને તે પૂરી કરવી એ બંને ઉદ્દેશો હોય છે. આ સુવિધાનો સાચી રીતે ઉપયોગ થાય અને તે ટકી રહે તે માટે યોગ્ય સેવાઓ પૂરી પાડવી અને લોકોને સ્વચ્છતા વિષેની ટેવો અપનાવવા પ્રેરવા. સ્વચ્છતા વ્યવસ્થાનો અભાવ ગરીબોમાં બીમારી અને ગરીબીના વિષચક્રને પ્રેરતી મહત્વની કડી છે. આ બંને ન હોય તો ગરીબો પણ આર્થિક અને સામાજિક વિકાસમાં જોડાઈ નહિ શકે. અમે સમજ્યા છીએ કે બહેતર સ્વચ્છતા વ્યવસ્થા આ ચક્ર તોડવામાં મદદરૂપ થાય છે. આ વ્યવસ્થા લોકોને બહેતર સ્વાસ્થ્ય જાળવવાની તક આપે છે. તેમને શિક્ષણ મેળવવાની, ઉત્પાદકતા વધારવાની અને આવક સર્જનની વધુ તકો આપે છે. અમારું નિરીક્ષણ એ છે કે સ્વચ્છતા વ્યવસ્થાના અભાવની સૌથી વધુ માઠી અસર ગરીબો પર થાય છે. જેઓ સામાન્ય રીતે ખરાબ પર્યાવરણીય પરિસ્થિતિઓમાં જીવતા હોય છે. ભીડભર્યા રહેઠાણો, ગટર વ્યવસ્થાનો અભાવ, પ્રદુષણયુક્ત હવા, પાણી પુરવઠાની અનિયમિતતા, અપૂરતાપણું અને સ્વચ્છતા વ્યવસ્થાનો અભાવ આ બધાની સાથે મળીને આરોગ્ય પર માઠી અસર પડે છે. જેને પોસાતું હોય તે આવી પરિસ્થિતિઓ માંથી દુર જવાના રસ્તા શોધી કાઢે છે. સ્ત્રીઓ દિવસના અજવાળામાં મળ ત્યાગ માટે જઈ શકતી નથી. રાતના અંધારામાં જ તેમને જવું પડે છે. માહિતી સંસ્થા દ્વારા તેના કોમ્યુનીટી હેલ્પ ડેસ્ક સેન્ટર દ્વારા સેનિટેશન સંદર્ભમાં મહિલાઓને સહાય અપાવવામાં મદદ અને માર્ગદર્શન પૂરું પાડેલ છે. ભાલ વિસ્તારમાં ખાસ કરીને શૌચાલયો બની ગયા હોય છે પણ તેનો ઉપયોગ જોઈએ તેટલો નથી થતો. આ વિસ્તાર ગામોમાં પણ સેનિટેશન વિશે બહુજ ઓછા લોકો જાગૃત છે અને તેની સાથે સાથે સરકારી સ્કીમનો લાભ પણ ઓછો મળેલ છે. ગામના મોટા ભાગના લોકો ખુલ્લામાં મળ ત્યાગ કરવા માટે જાય છે. ખાસ કરીને બહેનોને ખુબ જ તકલીફ વેઠવી પડે છે, કારણ કે માત્ર રાત્રે જ તેમને અવકાશ મળે છે. આના કારણે તેમનુ આરોગ્ય જોખમાય છે. આ વિસ્તારમાં આ બાબતે સૌથી મોટો પ્રશ્ન તેઓની આ બાબતે અજાગ્રુતાનો છે. લોકો સેનિટેશન બનાવે તે માટે લોકોની બેહીવીયર ચેન્જ (માનસિકતા બદલાવ) માટે જુદી જુદી સંસ્થાની દરેક પ્રવૃત્તિ સમયે સ્વચ્છતાલક્ષી જાગૃતિ ઉભી કરવા આઈ.ઈ.સી. મટીરીયલ વિતરણ કરવામાં આવેલ છે અને શૌચાલય ઉપયોગ પર ભાર મુકવામાં આવેલ છે. આમ સંસ્થા દ્વારા અમદાવાદ, બોટાદ અને ભાવનગર જીલ્લાના ગામોમાં અત્યાર સુધીમાં **૫૬૬૮** જેટલા શૌચાલય નિર્માણમાં દરમ્યાનગીરી કરેલ છે. જયારે વર્ષ દરમ્યાન **૧૭૨ નવા શૌચાલય** માટે સરકારની સહાય મેળવવા માટે મદદ અને સહાય અપાવેલ છે.



Theme ૫:

## કોમ્યુનીટી હેલ્પ ડેસ્ક સેન્ટર – સરકારશ્રીની વિવિધ યોજનાઓ સાથે વંચિત સમુદાયના લોકોનું જોડાણ

માહિતી ટ્રસ્ટ વર્ષ ૨૦૧૯થી સૌથી વધુ વંચિત પરિવારો માટે વિવિધ સરકારી યોજનાઓના જોડાણની સુવિધા માટે સામુદાયિક હેલ્પ ડેસ્ક સેન્ટરની સ્થાપના કરેલ છે. આ પ્રોજેક્ટને ગુજરાત સ્ટેટ ફાઇનાન્સિયલ સર્વિસિસ લિમિટેડ દ્વારા ગુજરાત CSR ઓથોરિટીના સહયોગથી ટેકો મળ્યો છે. આ પ્રોજેક્ટ હેઠળ, માહિતી સંસ્થાએ અમદાવાદ જિલ્લાના ધોલેરા તાલુકાના હેબતપુર, મિંગલપુર અને રાહતળાવ ગામમાં સફળતાપૂર્વક 3 કોમ્યુનિટી હેલ્પ ડેસ્ક સેન્ટર સ્થાપિત કર્યા છે, જેમાં કોમ્પ્યુટર સિસ્ટમ્સ, પ્રિન્ટર્સ, ઇન્ટરનેટ સુવિધાઓ અને IEC સામગ્રી જેવી સુસ્થાપિત સુવિધાઓ સાથે કુલ ૬ ગામોને આવરી લેવામાં આવ્યા છે. માહિતી સંસ્થા વંચિત પરિવારોને વિવિધ મળવાપાત્ર સરકારી યોજનાઓ સાથે સમુદાયને જોડવાનો પ્રયત્ન કરેલ છે.  અત્યાર સુધીમાં ધોલેરા તાલુકાના ૬ ગામોના અંદાજે ૭૬૦૦ લોકોને વિવિધ સરકારી યોજનાઓ સાથે જોડવામાં આવ્યા છે. આ પ્રોજેક્ટની સફળતાને જોતા, અન્ય વધુ એક પ્રોજેક્ટ “ગુજરાત સીએસઆર ઓથોરિટી હેઠળ બોશ રેક્સરોથ પ્રાઈવેટ લિમિટેડના નાણાકીય સહયોગથી અમદાવાદ જિલ્લાના સાણંદ બ્લોકમાં 2 કોમ્યુનિટી હેલ્પ ડેસ્ક સેન્ટરની સ્થાપના માટે આપેલ છે.  જે સાણંદ તાલુકાના ૪ ગામોને આવરી લે છે, જેમ કે ઈયાવા, વાસણા, નાની દેવતી અને મોડાસર. આમ વર્ષ 2021 દરમ્યાન બીજા ૨ કોમ્યુનિટી હેલ્પ ડેસ્ક સેન્ટરની સફળતાપૂર્વક સ્થાપના સાણંદ તાલુકામાં કરવામાં આવી છે. આજની તારીખ સુધી અમે સાણંદ બ્લોકના ૪ પ્રોજેક્ટ ગામોમાં ૧૨૯૯ થી વધુ વ્યક્તિગત લાભાર્થીઓને વિવિધ સરકારી યોજનાઓ સાથે જોડવામાં સફળ થયા છીએ.

ગ્રામીણ સમુદાયો આ કેન્દ્રને વિવિધ સરકારી યોજનાઓનો લાભ મેળવવા માટે ખૂબ જ ઉપયોગી અને ફાયદાકારક સેન્ટર માને છે. જ્યાં સેન્ટરના કર્મચારીઓ તેમને માર્ગદર્શન પૂરું પાડે છે, અરજી ફોર્મ ભરવામાં મદદ કરે છે અને સંબંધિત વિભાગો સાથે યોજનાની અરજીઓની સુવિધા આપે છે. આમ, એકંદરે, અમે અમદાવાદ જિલ્લાના 10 ગામો**માં** માર્ચ **૨૦૨૨** સુધી**માં** કુલ **૧૬૧૩૯** ગરીબ વ્યક્તિઓને વિવિધ સરકારી યોજનાઓ સાથે સફળતાપૂર્વક જોડ્યા છે. જેની વિગતવાર માહિતી નીચે આપવામાં આવેલ છે.

| **ક્રમ** | સરકારી યોજનાઓના નામ | **સરકારશ્રીની વિવિધ યોજનાઓ સાથે જોડવામાં આવેલ વ્યક્તિઓની સંખ્યા** |
|---|---|---|
| 1 | આધાર કાર્ડ (નવા / ફેરફારો) | 560 |
| 2 | આયુષ્માન ભારત | 275 |
| 3 | અટલ પેન્શન યોજના | 114 |
| 4 | અપંગતા માટે ટકાવારી માટેનું પ્રમાણપત્ર | 87 |
| 5 | ચિરંજીવી યોજના | 111 |
| 6 | અપંગ વ્યક્તિ માટે મફત મુસાફરી પાસ અને સાધનો માટે સહાય | 87 |
| 7 | ICDS: આંગણવાડી અને કિશોર કન્યાઓ | 5670 છે |
| 8 | વિકલાંગ વ્યક્તિઓ માટે ઓળખ પત્ર | 87 |
| 9 | જન ધન યોજના - પ્રધાનમંત્રી જન ધન યોજના | 677 |
| 10 | જનની સુરક્ષા યોજના (JSY) | 382 |
| 11 | જીવન જ્યોતિ વીમા યોજના | 115 |
| 12 | કસ્તુરબા પોષણ સહાય યોજના (KPSY) અને માતૃ વંદના યોજના | 352 |
| 13 | મુખ્ય મંત્રી અમૃતમ યોજના | 414 |
| 14 | મમતા દિવસ સેવાઓ (રસીકરણ, ગ્રોથ મોનિટરિંગ) | 1685 |
| 15 | મનરેગા જોબ કાર્ડ | 2229 |
| 16 | મધ્યાહન ભોજન યોજના | 887 |
| 17 | રાષ્ટ્રીય કુટુંબ લાભ યોજના | 76 |
| 18 | નિરાધાર વૃદ્ધ પેન્શન યોજના | 0 |
| 19 | પ્રમાણિત ઓર્ગેનિક ખેડૂતો માટે ઓર્ગેનિક ઇનપુટ પ્રોત્સાહન ફંડ | 388 |
| 20 | PDS - વાજબી કિંમતની દુકાન અને PDS કાર્ડ (નવીકરણ) | 485 |

| | | |
|---|---|---|
| 21 | પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ | 250 |
| 22 | સગર્ભા સ્ત્રીઓની નોંધણી | 205 |
| 23 | સુકન્યા સમૃદ્ધિ યોજના | 41 |
| 24 | વય વંદના - ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધાવસ્થા પેન્શન | 506 |
| 25 | વ્હાલી દિકરી યોજના | 75 |
| 26 | વિધ્વા સહાય - ઇન્દિરા ગાંધી નેશનલ **વિધવા પેન્શન** સ્કીમ | 465 |
| | **સરકારશ્રીની વિવિધ યોજનાઓ સાથે જોડવામાં આવેલ વ્યક્તિઓની સંખ્યા** | 16139 |

## કોમ્યુનીટી હેલ્પ ડેસ્ક સેન્ટર – તસ્વીરો



THEME ૬:

# કુદરતી આફત: કોવીડ ૧૯ & તૌક્તે વાવાઝોડુમાં રાહત અંગે દરમ્યાનગીરી



COVID-19 રોગચાળાને કારણે વિશ્વભરમાં માનવ જીવનનું ઘણું બધું નુકસાન થયું છે. જાહેર આરોગ્ય, ખાદ્ય પ્રણાલીઓ અને કાર્યો પર લોકજીવન માટે અભૂતપૂર્વ પડકારનું સ્વરૂપ ધારણ કરેલ. આ રોગચાળાને કારણે આર્થિક અને સામાજિક વિક્ષેપ વિનાશક બન્યો છે. લાખો લોકો અત્યંત ગરીબીમાં ઝપડાય જવાનું જોખમ ઉભું થયું છે. જ્યારે કુપોષિત લોકોની સંખ્યા, જે હાલમાં લગભગ 690 મિલિયન હોવાનો અંદાજ છે. વિશ્વના 3.3 અબજ વૈશ્વિક કર્મચારીઓમાંથી લગભગ અડધા લોકોને તેમની આજીવિકા ગુમાવવાનું જોખમ ઉભું થવા પામેલ છે. અનૌપચારિક અર્થતંત્રના કામદારો ખાસ કરીને નિસહાય બન્યા હતા કારણ કે મોટા ભાગના લોકોમાં સામાજિક સુરક્ષા અને ગુણવત્તાયુક્ત આરોગ્ય સંભાળની પંહોચનો અભાવ હતો. લોકડાઉન દરમિયાન આવક મેળવવાના સાધન વિના, ઘણા લોકો પોતાનું અને તેમના પરિવારનું ભરણપોષણ કરવામાં અસમર્થ બન્યા હતા.

લાખો કૃષિ કામદારો - વેતન અને સ્વ-રોજગાર - વિશ્વને ખોરાક આપતી વખતે, નિયમિતપણે ઉચ્ચ સ્તરની કાર્યકારી ગરીબી, કુપોષણ અને નબળા સ્વાસ્થ્યનો સામનો કરી રહી છે. આપણા સમાજમાં ખાસ કરીને ઉભરતા અને વિકાસશીલ વિશ્વમાં સૌથી વધુ ભોગ બનનાર લોકો બન્યા છે.  આ રોગચાળાની પરિસ્થિતિને જોતા એક નાગરિક સમાજ સંસ્થા તરીકે, માહિતી ટ્રસ્ટે WGWLO સાથે ભાગીદારી કરી રોગચાળાથી પ્રભાવિત મોટાભાગના નબળા પરિવારોને અનાજની કીટ પૂરી પાડવામાં આવી હતી. આપણે બધા જાણીએ છીએ કે 22 માર્ચ 2020, કોવિડ 19 રોગચાળાએ સમગ્ર દેશ અને વિશ્વને અસર કરી. કોવિડ 19ની અસર ઘટાડવા માટે, માહિતી ટ્રસ્ટ ટીમે ટાટા ટ્રસ્ટ અને કોટનકનેક્ટ સાઉથ એશિયા પ્રાઈવેટ લિમિટેડ દ્વારા પ્રદાન કરવામાં આવેલ વિવિધ વૈજ્ઞાનિક વિડિયો / પત્રિકાઓ મોકલીને કોવિડ અંગે સમુદાયોમાં જાગૃતિ ફેલાવવાનું કાર્ય હાથ ધર્યું હતું. આશરે દરરોજ ૧૫૦૦૦થી વધુ લોકોને સંદેશાઓ / વિડીયો અને IEC સામગ્રી મોકલીને What's App દ્વારા આવરી લીધા હતા.



**કોવીડની બીજી લહેર** દરમિયાન, માહિતી ટીમે મહિલા અને જમીન માલિકી કાર્યકારી જૂથના સમર્થનથી જરૂરિયાતમંદ લોકોમાં 500થી વધુ અનાજની કીટનું વિતરણ હતું. વધુમાં, માનવ સાધના ટ્રસ્ટ અમદાવાદની ભાગીદારીમાં, સંસ્થાએ ધોલેરા તાલુકાના 20 ગામોમાં સૌથી વધુ જરૂરિયાતમંદ પરિવારોને 400થી વધુ અનાજની કીટનું વિતરણ પણ કર્યું હતું. સમુદાયની કોવીડમાં સેવા કરવા માટે સંસ્થા દ્વારા તૈયાર કરાયેલા 40 ગ્રામ્ય સ્તરના મહિલા આરોગ્ય કાર્યકરોને ફેસ શિલ્ડ, ફેસ માસ્ક, ટેમ્પરેચર મેઝરિંગ ગન, ઓક્સિમીટર અને કોરોનાની દવાઓ આવરી લેતી કુલ 40 મેડિકલ કિટ્સનું વિતરણ કર્યું હતું. આ રોગચાળાએ શુદ્ધ ઓક્સિજન માટેના મહત્વના પાઠ ભણાવ્યા છે. વાતાવરણમાં ઓક્સિજનના સ્તરને પરિપૂર્ણ કરવા માટે, માહિતી સંસ્થા એ માનવ સાધના ટ્રસ્ટ અમદાવાદના સહયોગથી ધોલેરા તાલુકાના 20 ગામોમાં 1500થી વધુ વૃક્ષોનું વાવેતર કર્યું હતું.

## તૌકતે વાવાઝોડું



જેમ આપણે બધા જાણીએ છીએ કે વાવાઝોડું તૌકતેએ 2021નું પ્રથમ ચક્રવાતી વાવાઝોડું હતું. તે અરબી સમુદ્ર પર ડીપ ડિપ્રેશન તરીકે શરૂ થયું હતું પરંતુ 16 મે થી 18 મે, 2021 સુધી "અત્યંત ગંભીર ચક્રવાતી વાવાઝોડા"માં ફેરવાઇ ગયું હતું. ચક્રવાત તૌકતે ૧૭મી મેના રોજ મુંબઇને ત્રાટક્યું હતું. સંપૂર્ણ પ્રકોપ સાથે ભારે વરસાદ, 60-75 કિમી / કલાકની ઝડપે આવેલા જોરદાર તોફાનો, જેણે અનેક વૃક્ષો ધરાશાયી કરીને વિનાશ વેર્યો હતો. ઘણાં બધા ઘરોને નુકસાન પહોંચાડ્યું હતું અને માર્ગ વાહન વ્યવહાર ખોરવ્યો હતો. 1998થી ગુજરાતને અસર કરતું તૌકતે ચક્રવાત સૌથી મજબૂત વાવાઝોડું હતું કારણ કે તેણે રાજ્યના ઘણાં બધા ભાગોને ફટકો માર્યો હતો. દરિયાકાંઠે વિનાશ વેર્યો હતો. ઇલેક્ટ્રિક થાંભલાઓ અને વૃક્ષો ઉખડી ગયા હતા, વાવાઝોડું નબળું પડતા પહેલા ઘણા મકાનો અને રસ્તાઓને નુકસાન પહોંચાડ્યું હતું.



આ વાવાઝોડાનું લપેટમાં અમારી સંસ્થા પણ આવી ગઇ હતી. આ ચક્રવાતથી સંસ્થાના કાર્ય વિસ્તાર ભાલ પ્રદેશને પણ અસર થઇ હતી જ્યાં અમારી મુખ્ય કચેરી આવેલી છે. ચક્રવાતને કારણે અમારા કેમ્પસમાં ઘણું નુકસાન થયું હતું. સંસ્થાએ ક્ષતિગ્રસ્ત અને ધરાશાયી થયેલી ઇમારતના સમારકામ માટે ભંડોળ એકત્ર કરવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ અમને બીજા અન્ય કોઈ દાતા તરફથી જોઈએ એટલું અનુદાન મળ્યું ન હતું. આ દરમ્યાન અચાનક શ્રીમાન અતુલભાઈ શ્રોફને મળવા જવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. અમોએ તેમને અમારી મુશ્કેલી વર્ણવી અને આ વાત કરી. આથી શ્રોફ ફેમિલિટી ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી અનુદાન દાન એકત્ર કરવામાં સંસ્થા સફળ થઇ. શ્રીમાન અતુલભાઇ શ્રોફ અને શ્રીમતી શ્રુતિબેન શ્રોફ દ્વારા આ હેતુ માટે સંસ્થાને ટેકો આપવામાં આવ્યો. વર્ષ ૨૦૨૧-૨૩ દરમિયાન કુલ ૧૦ લાખ રૂપિયાની સહાય શ્રોફ ફેમિલી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સમારકામ અને નવીનીકરણના કામ માટે આપવામાં આવ્યા. આમ વર્ષ દરમ્યાન માહિતી ટ્રસ્ટે આ ગ્રાન્ટ હેઠળ સ્ટાફ માટે ૫ રૂમ, ૧ સ્ટાફ મીટિંગ રૂમ, સ્ટોર રૂમ, યુવાનો માટે વ્યાવસાયિક તાલીમ હાથ ધરવા માટે જગ્યા, કેમ્પસ કેર ટેકર માટે ૨ રૂમનું મકાનનું સમારકામ કર્યું છે.

માહિતી ટ્રસ્ટ શ્રોફ ફેમિલી ચેરીટેબલ ટ્રસ્ટના આ પ્રકારના સમર્થન અને સહયોગને ક્યારેય ભૂલી શકશે નહીં અને તેમનો આભાર વ્યક્ત કરે છે. આ ઉપરાંત પીનાકીનભાઈ પટેલ (સુરત), વર્ધમાન સેવા કેન્દ્ર ધોળકા, શ્રી મહેન્દ્રભાઈ ચાવડા, સરદાર વલ્લભભાઈ સ્મૃતિ ટ્રસ્ટ વગેરેનો પણ આર્થિક સહયોગ પ્રાપ્ત થયો છે. તેમનો પણ સંસ્થા હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે.

# વિભાગ ૩:- સંસ્થાકીય આંતરિક બાબતો

## 1. સંસ્થાની વ્યવસ્થાપક સમિતિના સભ્યોની ભૂમિકા

સંસ્થાની વ્યવસ્થાપક સમિતિમાં કુલ ૭ સભ્યો છે. જેમાં ૩ પુરુષ અને ૩ સ્ત્રી સભ્યો છે. આ સભ્યો વિકાસ ક્ષેત્રના તજજ્ઞો છે. સંસ્થાની વ્યવસ્થાપક સમિતિ સંસ્થાને કાયદાકીય જોગવાઈ અને કાનૂની પ્રશ્નો બાબતે, લાંબા ગાળાની દિશા, વ્યૂહરચનાઓ, સંસ્થાના નિતી – નિયમો, અને આધારક્ષમતા બાબતે શાબ્દિક મદદ અને માર્ગદર્શન પૂરું પાડે છે. જો કોઈ ગંભીર આંતરિક પ્રશ્ન થાય તો તેઓ સંસ્થાની પડખે ઉભા રહે છે. જરૂર પડે ત્યારે સંસ્થાની પ્રવૃતિઓમાં સહભાગી બને છે અને સલાહ સૂચનો આપે છે. આ રીતે બધા જ સભ્યો અગ્રગામી રસ લઈને સંસ્થાને મજબુત બનાવવામાં સાથ આપે છે. દર વર્ષે સંસ્થાના વાર્ષિક હિસાબો, પ્રગતિનો અહેવાલ, અને પછીના વર્ષનું આયોજન આ વ્યવસ્થાપક સમિતિ સામે મુકવામાં આવે છે અને તેમની મંજુરી લેવામાં આવે છે. વર્ષમાં બે વાર વ્યવસ્થાપક સમિતિની બેઠકો થાય છે. આ બેઠકો દરમ્યાન સભ્યોના સુઝાવો પર વિચારણા કરીને આગળ કામ કરવામાં આવે છે.


## 2. વ્યવસ્થાપક સમિતિ / બોર્ડ ઓફ ટ્રસ્ટીઝ

| No | Name | Educational Qualification | Relationship with other organization |
|---|---|---|---|
| 01 | Mr. Binoy Acharya | M.Phil (Social Science) JNU | Director, Unnati, Ahmedabad |
| 02 | Ms. Nafisa Barot | B. Sc (Home Science) MSU | Trustee, Utthan, Ahmedabad |
| 03 | Mr. Rajiv Khandelwal | P.G in Rural Management IRMA | Director, Aajeevika Bureau, Udaipur |
| 04 | Ms. Dipti Raju Purohit | M.A. (Sociology) GU | Managing Trustee, Jeevan Tirth, Koba |
| 05 | Mr. Sachin Oza | Master in Social Work MSU | Director, DSC Foundation, Ahmedabad |
| 06 | Mr. Suman Rathod | Master in Rural Studies Lok Bharti | Program Officer, Centre for Environment Education (CEE) |
| 07 | Ms. Devuben Pandya | Intermediate | Managing Trustee, Mahiti Trust |

## 3. કર્મચારીઓનું વર્ગીકરણ

| | |
|---|---|
| કૂલ કર્મચારીગણ | ૨૭ |
| પુરુષ કર્મચારી | ૧૬ |
| સ્ત્રી કર્મચારી | ૧૧ |
| વહીવટી કર્મચારીગણ | ૦૭ |
| ટેકનિકલ કર્મચારીગણ | ૦૧ |
| વિષય નિષ્ણાંત કર્મચારીગણ | ૦૪ |
| કોમ્યુનીટી ઓર્ગેનાઈઝર (સોસીયલ કર્મચારીગણ) | ૧૬ |

4. સંસ્થાકીય માળખું


Mahiti Trust
ORGANOGRAM
Board of Trustees
Managing Trustee
Coordination Committee
Support Team:
Manager (Programs & Administration)
Accountant
Office Assistant
Driver
Watchman
Center Care Taker
PC (Health)
PC (NRM)
PC (Social Justice)
PC (Micro Finance)
COs
COs
COs
COs
Communities, Village Level Institutions and Village Level Leaders
7 blocks of Ahmedabad, Botad & Bhavnagar District

## 5. ટીમ માહિતી – ૨૦૨૨

| No | Name | Gender | Position | Education | Sector |
|---|---|---|---|---|---|
| 1 | Devuben Pandya | Female | Managing Trustee | Secondary | Social |
| 2 | Dinesh Pandya | Male | Manager – Programs | MSW | Social |
| 3 | Ishwar Parmar | Male | Accountant | B. Com | Accounts |
| 4 | Jagdish Sindhav | Male | Program Coordinator | Graduate | Agriculture |
| 5 | Bhanjibhai Khasiya | Male | Civil Engineer | D.C.E. | Engineering |
| 6 | Binduben Bhatt | Female | Program Coordinator | M.Lib | Social |
| 7 | Paresh Hapani | Male | Program Coordinator | Graduate | Agriculture |
| 8 | Jagdish Ahir | Male | Program Coordinator | Graduate | Social |
| 9 | Ajay Dharani | Male | Field Executive | Graduate | Admin |
| 10 | Amrut Baraiya | Male | Field Executive | Graduate | Admin |
| 11 | Dungarbhai Rabari | Male | Field Executive | Graduate | Social |
| 12 | Haresh Makwana | Male | Field Executive | Graduate | Agriculture |
| 13 | Jayaben Jadav | Female | Field Executive | Secondary | Social |
| 15 | Kalpesh Meniya | Male | Field Executive | H.S.C. | Social |
| 16 | Kanubhai Parmar | Male | Field Executive | Graduate | Social |
| 17 | Kiran Ramanuj | Male | Field Executive | Graduate | Admin |
| 18 | Manisha Mer | Female | Field Executive | Graduate | Social |
| 19 | Matuben Rabari | Female | Field Executive | Graduate | Social |
| 20 | Mrugesh Solanki | Male | Field Executive | Graduate | Social |
| 21 | Payal Chudasama | Female | Field Executive | Graduate | Social |
| 22 | Rekhaben Makwana | Female | Field Executive | Post Graduate | Social |
| 23 | Sandhya Vasava | Female | Office Assistant | MSW | Social |
| 24 | Snehal Gohil | Female | Field Executive | Graduate | Admin |
| 25 | Sunita Chudasama | Female | Field Executive | Graduate | Social |
| 26 | Tejpalsinh Chudasama | Male | Field Executive | BSW | Social |
| 27 | Jivraj Waghdiya | Male | Watchman | Secondary | Admin |

## 6. અન્ય બાબતો

- સંસ્થાના વ્યવસ્થાપક ટ્રસ્ટી કે અન્ય કોઈ ટીમ સભ્યે વર્ષ દરમ્યાન વિદેશ પ્રવાસ કરેલ નથી.
- સંસ્થાના વ્યવસ્થાપક ટ્રસ્ટીને માનદ વેતન રૂ. ૪.૧૪ લાખ ચુકવવામાં આવેલ છે તે સિવાય બીજા કોઈ જ ટ્રસ્ટી મંડળના સભ્યોને કોઈ જ રકમ કે વળતર ચુકવવામાં આવ્યું નથી.
- સંસ્થાના કેમ્પસ કેર ટેકરને માસિક લઘુતમ વેતન માસિક રૂપિયા ૪૦૦૦/- (પાર્ટ ટાઈમ) આપવામાં આવે છે.
- મેનેજર (કાર્યક્રમો અને વહીવટ)ને મહતમ ગ્રોસ વેતન રૂપિયા ૩૯,૭૦૦/- (માસીક ) આપવામાં આવે છે.

## 7. અમારા સહયોગીઓ

માહિતી સંસ્થાના વિઝનને સાકાર કરવા, સ્ત્રીઓના અધિકારો, સામાજિક ન્યાય, બાળ અધિકાર સંરક્ષણ, ખેતી વિકાસ, લોકોની આજીવિકા સુધાર અને કુદરતી સંસાધન વ્યવસ્થાપન, પેય જળ વ્યવસ્થાપન, ખેતી વિકાસ, સેનિટેશન અને સ્વચ્છતા જેવા જુદા જુદા મુદ્દાઓ માટે ઘણાં વિખ્યાત લોકોની મદદ અને પ્રતિબદ્ધ સંસ્થાઓની સહભાગિતા સાથે ટેકો – સહાય અમોને મળેલ છે.

વર્ષ ૨૦૧૯માં અતિ ભારે વરસાદ અને વર્ષ ૨૦૨૧માં તૌક્તે વાવાઝોડાના કારણે સંસ્થાના ધોલેરા ખાતેના કેમ્પસમાં પુર અને વાવાઝોડા જેવી પરિસ્થિતિ સર્જાઈ હતી. જેમાં કેમ્પસમાં હયાત તમામ બાંધકામને ઘણું નુકશાન થયેલ તેમજ તદન ખારો પ્રદેશ હોવાના કારણે હયાત માળખાગત બાંધકામ ખુબજ જર્જરિત થઇ ગયેલ છે. તૌક્તે વાવાઝોડામાં ઘણા મકાનોમાં નળિયા અને પતરાઓ ઉડી ગયેલ હતા અને દીવાલો પડી ગયેલ હતી. આથી સંસ્થા હયાત માળખાઓની મરામત માટે દાન મેળવવા માટે પ્રયત્નો શરુ કર્યા હતા. જેના ભાગરૂપે "શ્રોફ ફેમીલી ચેરીટેબલ ટ્રસ્ટ" તરફથી નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં રૂપિયા ૧૦.૦૦ લાખનું અનુદાન પ્રાપ્ત થયું છે. તેમનો આ અભૂતપૂર્વ ટેકો સંસ્થા ક્યારેય વિસરી શકે તેમ નથી તેથી ખાસ સંસ્થા માનનીય શ્રી અતુલભાઈ શ્રોફ અને શ્રીમતી શ્રુતિબેન શ્રોફનો હદયપૂર્વક આધાર પ્રગટ કરે છે. આ ઉપરાંત શ્રીમાન પીનાકીનભાઈ પટેલ (સુરત), વર્ધમાન સેવા કેન્દ્ર ધોળકા, શ્રીમાન મહેન્દ્રભાઈ ચાવડા, સરદાર વલ્લભભાઈ પટેલ સ્મૃતિ ટ્રસ્ટ અમદાવાદ વગેરેનો પણ આર્થિક સહયોગ પ્રાપ્ત થયો છે અને તેમનો પણ સંસ્થા હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે.

**પાર્ટનર સંસ્થાઓ:** વર્ષ દરમ્યાન નીચે જણાવેલ પાર્ટનર સંસ્થાઓનો સહયોગ પ્રાપ્ત થયો છે. તેમના સહયોગના કારણે સંસ્થા તેની દરમ્યાનગીરીને વધુ વિકસિત બની છે અને છેવાડાના લોકો સુધી પહોચવાનો પ્રયત્ન કરી શક્યા છીએ તેથી સંસ્થા આ તમામ પાર્ટનર સંસ્થાનો હદયપૂર્વક આધાર પ્રગટ કરે છે.

| ક્રમ | ફંડિંગ સંસ્થા | ફંડનો પ્રકાર | વિષય / અનુસંધાન |
|---|---|---|---|
| ૧ | શ્રોફ ફેમીલી ચેરીટેબલ ટ્રસ્ટ | સી.એસ.આર | તૌક્તે વાવાઝોડા હેઠળ હયાત મકાનોની મરામત |
| ૨ | અરવિંદ લીમીટેડ | સી.એસ.આર | ટકાઉ ખેતી |
| ૩ | ક્રિશ્ના બાયોટેક પ્રાઈવેટ લીમીટેડ | સી.એસ.આર | ટકાઉ ખેતી |
| ૪ | કોટન કનેક્ટ સાઉથ એશિયા પ્રાઇવેટ લીમીટેડ | સી.એસ.આર | ટકાઉ ખેતી |
| ૫ | ગુજરાત સ્ટેટ ફાયનાન્સીયલ સર્વિસઝ લીમીટેડ (ગુજરાત સીએસઆર ઓથોરીટીના માધ્યમથી) | સી.એસ.આર | પેય જળ વ્યવસ્થાપન તેમજ સામુદાયિક હેલ્પ ડેસ્ક સેન્ટર |
| ૬ | બોસ્કરેક્ષરોથ પ્રાઈવેટ લીમીટેડ (ગુજરાત સીએસઆર ઓથોરીટીના માધ્યમથી) | સી.એસ.આર | સામુદાયિક હેલ્પ ડેસ્ક સેન્ટર |
| ૭ | અજીમ પ્રેમજી ફીલાન્થ્રોફીક ઇનીસીએટીવ (સ્ત્રી અને જમીન માલિકી કાર્યકારી જૂથ ગુજરાતના માધ્યમથી) | સી.એસ.આર | સ્ત્રી અને જમીન માલિકી<br>ટકાઉ ખેતી |
| ૮ | વોટર એન્ડ સેનિટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઇઝેશન | સરકાર | પેય જળ વ્યવસ્થાપન |
| ૯ | સરદાર સરોવર નર્મદા નિગમ લીમીટેડ | સરકાર | સહભાગી સિંચાઈ વ્યવસ્થાપન |
| ૧૦ | સરદાર વલ્લભભાઈ પટેલ સ્મૃતિ ટ્રસ્ટ અમદાવાદ | સંસ્થાકીય | હયાત મકાનોની મરામત |

## 8. નાણાકીય વિગતો

### માહિતી ટ્રસ્ટનું તારીખ ૩૧.૦૩.૨૦૨૨ અંતિત માહિતી ટ્રસ્ટનું પાકું સરવૈયું

| ફંડ અને જવાબદારી | રકમ | કૂલ રકમ | મિલકત, લેણા | રકમ | કૂલ રકમ |
|---|---|---|---|---|---|
| ફંડ | | ૪૩૧૮૬૪૨.૭૪ | સ્થાયી મિલકતો | | ૪૨૦૬૮૩૩.૦૦ |
| મૂડી ખર્ચ ગ્રાન્ટ | | | | | |
| છેલ્લા વર્ષની બાકી | ૧૪૯૬૯૪૮.૦૦ | | મળવાપાત્ર પ્રોજેક્ટ ગ્રાન્ટ | | ૭૬૧૧૭૭.૮૪ |
| ઉમેરો: વર્ષ દરમ્યાન | ૨૦૦૬૦.૦૦ | | ડીપોઝીટ અને એડવાન્સ | | ૮૧૮૭૫.૦૦ |
| | ૧૫૧૭૦૦૮.૦૦ | | બેંક અને રોકડ | | ૧૪૦૨૦૧૦.૦૦ |
| બાદ: વર્ષ દરમ્યાન ઘટાડો | ૧૨૫૩૫.૦૦ | ૧૫૦૪૪૭૩.૦૦ | આવક અને જાવક ખાતું | | |
| વણવપરાયેલી ગ્રાન્ટ | | ૮૧૬૬૩૭.૫૦ | છેલ્લા વર્ષની બાકી | ૨૯૧૨૩૫.૧૦ | |
| અન્ય જવાબદારી | | ૯૧૦૧૧.૦૦ | બાદ: ખર્ચ કરતા આવકનો વધારો | ૧૨૩૬૭.૦૦ | ૨૭૮૮૬૮.૧૦ |
| **કૂલ સરવાળો** | | **૬૭૩૦૭૬૪.૨૪** | **કૂલ સરવાળો** | | **૬૭૩૦૭૬૪.૨૪** |

### માહિતી ટ્રસ્ટનું તારીખ: ૦૧-૦૪-૨૦૨૧ થી ૩૧-૦૩-૨૦૨૨ ના સમયગાળાનું ઊપજ અને ખર્ચ ખાતું

| ખર્ચ | રકમ | કૂલ રકમ | આવક | રકમ | કૂલ રકમ |
|---|---|---|---|---|---|
| પ્રોજેક્ટ પાછળ નો ખર્ચ | ૫૦૮૬૩૨૧.૭૨ | | મળેલ ગ્રાન્ટ / મળવાપાત્ર ગ્રાન્ટ | | ૪૯૫૧૩૦૩.34 |
| ગ્રાન્ટ રીટર્ન ઓફ કરી | ૧૨૮૭૯૪.૫૩ | | અન્ય આવક | | |
| અન્ય ખર્ચ | ૫૨૨૬૦૦.૫૦ | ૫૭૩૭૭૧૬.૭૫ | પરચૂરણ આવક | ૧૬૮૫૨૦.૦૦ | |
| વેચાણ ખોટ અને રાઈટ ઓફ મિલકત | | | બચત ખાતાનું બેંક વ્યાજ | ૧૮૯૯૦.૦૦ | |
| લેપટોપ વેચાણની ખોટ | ૨૫૮૦૦.૦૦ | | ટીડીએસ રીફંડ પરનું વ્યાજ | ૧૪૨૮.૦૦ | |
| મિલકતો માંડવાળ | ૨૦૪૩૨.૪૧ | ૪૬૨૩૨.૪૧ | એફ.સી. ફંડ નું બેંક વ્યાજ | ૧૨૩૬૭.૦૦ | ૨૦૧૩૦૫.૦૦ |
| ખર્ચ કરતા આવકનો વધારો | | ૧૨૩૬૭.૦૦ | ઈયરમાર્ક ફંડ | | |
| | | | વહીકલ ફંડ | ૮૩૫૫૦.૦૩ | |
| | | | રીઝર્વ ફંડ | ૩૨૨૧૦૫.૪૩ | |
| | | | વહીવટી ફંડ | ૨૩૮૦૫૨.૩૬ | ૬૪૩૭૦૭.૮૨૨ |
| **કૂલ સરવાળો** | | **૫૭૯૬૩૧૬.૧૬** | **કૂલ સરવાળો** | | **૫૭૯૬૩૧૬.૧૬** |

## 9. Affiliations & Associations

| Organizations / Institutions | Areas of Associations |
|---|---|
| PRAVAH – a state level network of VOs, individuals, and experts on drinking water issues | Trustee on the Governing Board<br>Policy advocacy on drinking water issue |
| Member | District Women's Protection Committee<br>Ahmedabad Rural (Ahmedabad District) |
| Membrer | District Planning Committee<br>Ahmedabad District |
| Voluntary Action Network of India (VANI),<br>New Delhi | Member<br>Policy advocacy and good governance |
| Janpath (a state level network of voluntary organizations in Gujarat state) | Member of Executive Committee<br>Policy advocacy |
| Sajjata Sangh (a state level network of non-government organizations working on natural resources development and management in Gujarat) | Member<br>Issues & Policy Advocacy related to NRM |
| Working Group for Women's Land Ownership – WGWLO | Member, Campaign and policy advocacy related to women's land rights |
| National Bank for Agriculture and Rural Development (NABARD) | Agriculture |
| Jan Swashthay Abhiyan – JSA, Gujarat | Member, Health issues |
| Unnati– Organization for Development Education | Panchayati Raj Institutions and Capacity Building |
| Gujarat Voluntary Health Association | Reproductive and Child Health |
| Chetna | Women's & Children's Health |
| Development Support Center | NRM |
| Utthan | Women's Issues |
| Action Aid, India | General Assembly Member |